RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 358 Dt. 12-07-2025 Page : 08 Price : Rs 3




Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA**, Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**
Place of Publication and Printing : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**

# અમેરિકાની કૂટનીતિ, ભારત પર લટકતી તલવાર

## અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સામે ૫૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપતા બિલને સમર્થન આપ્યું : આ બિલ રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર સૌથી વધુ કડક ટેરિફ લાદવાનો છે

નવીદિલ્હી, તા. ૧૧

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સામે ૫૦૦ ટકા ટેરિફ લાદવાની ધમકી આપતા બિલને સમર્થન આપ્યું છે. આ બિલ રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર સૌથી કડક ટેરિફ લાદવાનો છે. અમેરિકાના આ નિર્ણય બાદ ભારત અને રશિયાના તેલ પર ઊંડી અસર પડવાની શક્યતા છે. આ બિલનું નામ સેન્કશનિંગ રશિયા એક્ટ ઓફ ૨૦૨૫ છે, જે ભારત અને રશિયા વચ્ચેના ઉર્જા વેપારને ઊંડા સંકટમાં મૂકી શકે છે. આ બિલમાં રશિયા પાસેથી તેલ, ગેસ, યુરેનિયમ અને અન્ય ઉર્જા સંસાધનોની આયાત કરનારા દેશો પર ૫૦૦ ટકા ડ્યુટી લાદવાની જોગવાઈ છે. ભારત હાલમાં ચીન સાથે રશિયન ક્રૂડ ઓઇલનો સૌથી મોટો ખરીદદાર હોવાથી, આની ભારત પર ગંભીર અસર પડશે. ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં લગભગ ૩૫ ટકા રશિયન તેલ ખરીદ્યું છે, તેથી આ બિલ ભારતની ઉર્જા સુરક્ષા, આયાત બિલ અને ચાલુ ખાતાની ખાધ પર મોટી અસર કરી શકે છે.

રશિયન ક્રૂડ ઓઇલ પર વધુ પ્રતિબંધોના અહેવાલો પર પ્રતિક્રિયા આપતા, ભારતીય તેલ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યું છે કે રશિયન તેલ પર ક્યારેય કોઈ વૈશ્વિક પ્રતિબંધો નહોતા.




વિશ્વભરના સ્માર્ટ નિર્ણય લેનારાઓ વૈશ્વિક તેલ પુરવઠા શૃંખલાઓની વાસ્તવિકતાઓથી વાકેફ હતા અને ભારત શક્ય હોય ત્યાંથી ચોક્કસ કિંમત શ્રેણી હેઠળ સબસિડીવાળા તેલ ખરીદીને વૈશ્વિક બજારોને મદદ કરી રહ્યું હતું. યુક્રેન યુદ્ધ પછી, પશ્ચિમી દેશો દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોને કારણે, રશિયાએ ભારત જેવા દેશોને ભારે ડિસ્કાઉન્ટ પર તેલ વેચવાનું શરૂ કર્યું.

ભારત, જેણે ૨૦૨૨ માં રશિયા પાસેથી તેની કુલ તેલ આયાતના માત્ર ૨ ટકા ખરીદ્યા હતા, તે હવે તેના લગભગ ૪૦ ટકા ક્રૂડ તેલ ત્યાંથી ખરીદી રહ્યું છે. આ ભારત માટે ખર્ચ ઘટાડવાનું એક સાધન બન્યું એટલું જ નહીં પરંતુ ઊર્જા પુરવઠાની સ્થિરતા પણ સુનિશ્ચિત કરી. તેલ મંત્રી હરદીપ સિંહ પુરીએ સ્પષ્ટ કર્યું કે રશિયન તેલ વૈશ્વિક પ્રતિબંધોના દાયરામાં નથી અને ભારત વૈશ્વિક બજારને સ્થિર રાખવામાં ભૂમિકા ભજવી રહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પે આ બિલને ''વૈકલ્પિક'' ગણાવ્યું છે અને કહ્યું છે કે તેઓ તેનો ઉપયોગ કરી શકે છે અથવા તેને સમાપ્ત પણ કરી શકે છે. તે સંપૂર્ણપણે તેમના વિવેકબુદ્ધિ પર છે. જોકે, તેમણે એ પણ સૂચવ્યું કે તેઓ તેના પર ''ગંભીરતાથી વિચારણા'' કરી રહ્યા છે.

દરમિયાન, ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે અમેરિકામાં સેનેટર લિન્ડસે ગ્રેહામ સાથે વાત કરી અને તેમને ભારતની ઊર્જા સુરક્ષા ચિંતાઓથી વાકેફ કર્યા. તેમણે ૨ જુલાઈના રોજ કહ્યું હતું કે ભારતનું વલણ સ્પષ્ટ છે કે ભારત જ્યાંથી સસ્તું તેલ મેળવશે ત્યાંથી તેલ ખરીદશે કારણ કે દેશની ઉર્જા સુરક્ષા સર્વોપરી છે. તમને જણાવી દઈએ કે ૨૦૨૫ ના રશિયા પર પ્રતિબંધ લગાવવાના કાયદાનો હેતુ રશિયાને યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે વાટાઘાટોના ટેબલ પર લાવવાનો છે. જો રશિયા આમ નહીં કરે, અથવા કરાર પછી ફરીથી હુમલો કરે, તો અમેરિકા આ બિલનો ઉપયોગ કરી શકે છે. આનાથી ફક્ત ભારત જ નહીં પરંતુ રશિયા પાસેથી ઊર્જા ખરીદતા તમામ દેશોને પણ અસર થશે. રશિયા વૈશ્વિક તેલ ઉત્પાદનમાં લગભગ ૧૦% હિસ્સો ધરાવે છે, જો તેનો પુરવઠો ખોરવાઈ જાય, તો વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ ૧૨૦-૧૩૦ પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે. અને જો આવું થશે, તો ભારતીય તેલ બજારમાં પણ અરાજકતા ફેલાશે.

### NSA અજિત ડોભાલે પાકિસ્તાન અને વિદેશી મીડિયાને આપ્યો ખુલ્લો પડકાર

# એક એવો ફોટો બતાવો જ્યાં ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતને નુકસાન થયું હોય : ડોભાલ

નવીદિલ્હી, તા. ૧૧

NSA અજિત ડોભાલે પાકિસ્તાન અને વિદેશી મીડિયાને ખુલ્લો પડકાર આપ્યો છે. અજિત ડોભાલે તેમને પડકાર ફેંક્યો અને કહ્યું, મને એક એવો ફોટો બતાવો જ્યાં ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતને કોઈ નુકસાન થયું હોય. અજિત ડોભાલે વિદેશી મીડિયાના રિપોર્ટિંગ પર સવાલો ઉઠાવ્યા. ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે ભારતે પાકિસ્તાનમાં નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. IIT મદ્રાસના ૬૨મા દીક્ષાંત સમારોહમાં બોલતા, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલે શુક્રવારે કહ્યું કે ભારતે પાકિસ્તાન સરહદ પાર નવ આતંકવાદી છાવણીઓ પર સચોટ હુમલા કર્યા હતા અને તેમાંથી એક પણ ચૂકી ગયું નહીં. અજિત ડોભાલે સરહદ પારના જોખમોને નિષ્ક્રિય કરવામાં ભારતની ક્ષમતા અને તકનીકી ક્ષમતા પર ગર્વ વ્યક્ત કર્યો.



રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર ડોભાલે કહ્યું કે ચોકસાઈ એટલી હતી કે ભારતને ખબર પડી ગઈ કે કોણ ક્યાં છે. અજિત ડોભાલે આગળ કહ્યું, 'દરેક નિશાનને સચોટ રીતે હિટ કરવામાં આવ્યું.' આ હુમલો બીજે ક્યાંય થયો ન હતો. તે ફક્ત ત્યાં જ બન્યું જ્યાં અમને ખબર હતી કે ત્યાં કોણ હાજર છે. આ સમગ્ર કામગીરી પૂર્ણ કરવામાં માત્ર ૨૩ મિનિટનો સમય લાગ્યો. તેમના મતે, આખું ઓપરેશન ૭ મેના રોજ રાત્રે ૧ વાગ્યા પછી શરૂ થયું અને માંડ ૨૩ મિનિટ સુધી ચાલ્યું.

અજિત ડોભાલે આંતરરાષ્ટ્રીય મીડિયા પર પણ નિશાન સાધ્યું અને પાકિસ્તાનના જુઠ્ઠાણાનો પર્દાફાશ કર્યો. તેમણે પ્રશ્ન કર્યો, 'ઓપરેશન સિંદૂર પછી, તેઓએ (વિદેશી મીડિયા) કહ્યું કે પાકિસ્તાને આ કર્યું, તે કર્યું... વગેરે. શું તમે મને એક પણ એવો ફોટો બતાવી શકો છો જે દર્શાવે કે આ સમયગાળા દરમિયાન ભારતને કોઈ નુકસાન થયું છે?' કાચ પણ તૂટી ગયો હશે. તેમણે આ વાતો લખી અને પ્રસારિત કરી. ૧૦ મે પહેલા અને પછીના ચિત્રોમાં પાકિસ્તાનના ફક્ત ૧૩ એરબેઝ દેખાતા હતા, પછી તે સરગોધા હોય, રહીમ યાર ખાન હોય કે ચકલાલા હોય. હું તમને ફક્ત એ જ કહી રહ્યો છું જે વિદેશી મીડિયાએ ચિત્રોના આધારે પ્રસારિત કર્યું છે, અમે તે કરવા સક્ષમ છીએ.

# શિંદે મુખ્યમંત્રી બનવા ભારે ઉત્સુક : રાઉત

### સંજય રાઉતે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની દિલ્હી મુલાકાત પર કર્યો પ્રહાર

નવીદિલ્હી, તા. ૧૧

શિવસેના (UBT) ના નેતા સંજય રાઉતે શુક્રવારે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની દિલ્હી મુલાકાત પર કટાક્ષ કરતા કહ્યું કે તેઓ મુખ્યમંત્રી બનવા માટે એટલા ઉત્સુક છે કે તેમણે શિવસેનાને ભાજપમાં ભેળવી દેવાની ઓફર કરી છે. રાઉતે દાવો કર્યો હતો કે શિંદેએ દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથેની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વિશે ફરિયાદ કરી હતી. જોકે, શિવસેનાના પ્રવક્તા શીતલ મ્હાત્રેએ રાજ્યસભાના સભ્ય પર પ્રહાર કરતા કહ્યું કે તેમને આવી ટિપ્પણી કરવાની આદત છે અને તેમની પાર્ટીના લોકો તેમને ગંભીરતાથી લેતા નથી. પત્રકારો સાથે વાત કરતા રાઉતે દાવો કર્યો કે, ''કેન્દ્રીય મંત્રી અમિત શાહ સાથેની મુલાકાત દરમિયાન, એકનાથ શિંદેએ ફરિયાદ કરી હતી કે ફડણવીસ તેમને કામ કરવા દેતા નથી અને તેમના પક્ષના ધારાસભ્યો સામે તપાસ શરૂ કરી રહ્યા છે.''

તેમણે આરોપ લગાવ્યો કે



શિવસેનાના વડાએ શાહને કહ્યું હતું કે મરાઠી એકતાને મજબૂત કરવાના પ્રયાસોથી તેમના પક્ષને નુકસાન થશે અને આંદોલનને નબળું પાડવાની જરૂર છે. રાઉત શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરે અને તેમના પિતરાઈ ભાઈ રાજ ઠાકરે દ્વારા હિન્દીને ફરજિયાત બનાવતા બે વિવાદાસ્પદ સરકારી ઠરાવો અને ધોરણ એકથી પાંચના વિદ્યાર્થીઓ માટે લાગુ થનારા ત્રણ ભાષાના સૂત્રને પાછો ખેંચવાના સરકારના નિર્ણયની ઉજવણી માટે આયોજિત સંયુક્ત વિજય રેલીનો ઉલ્લેખ કરી રહ્યા હતા.

તેમણે દાવો કર્યો હતો કે, ''શિંદેએ શાહને કહ્યું હતું કે તેમને મુખ્યમંત્રી બનાવવા એ જ ઉકેલ હશે. જો શિંદે મુખ્યમંત્રી બનશે, તો તેઓ આને રોકશે અને મહારાષ્ટ્રના રાજકારણમાં સ્થિરતા લાવશે.'' તેમણે આરોપ લગાવ્યો હતો કે જ્યારે શાહે કહ્યું કે મુખ્યમંત્રી ભાજપનો હશે, ત્યારે શિંદેએ કહ્યું હતું કે તેઓ શિવસેનાને શાસક પક્ષમાં ભેળવી દેવા માટે તૈયાર છે. ''શિંદે મુખ્યમંત્રી બનવા માટે એટલા ઉત્સુક છે કે તેઓ પાર્ટીને ભાજપમાં ભેળવી દેવા માટે તૈયાર છે,'' રાઉતે દાવો કર્યો હતો. આ પહેલી વાર નથી જ્યારે રાઉતે શિંદેની આગેવાની હેઠળની શિવસેના કે ભાજપ વિશે આવા દાવા કર્યા હોય.

### ગુજરાતમાં કાર્યરત જાપાની કંપનીઝને રાજ્ય સરકાર દ્વારા મળી રહેલા સહયોગ અંગે જાપાનના રાજદૂતે વ્યક્ત કર્યો આભાર

# જાપાનના રાજદૂત શ્રીયુત ઓનો કેઈચી ગુજરાતના આંગણે

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જાપાનને ગુજરાતનું બીજું ઘર ગણાવ્યું : ધોલેરા SIRમાં સેમિકન્ડક્ટર સેક્ટરમાં રોકાણો માટે જાપાનની અનેક કંપનીઓ ઉત્સુક




ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ભારતમાં જાપાનના રાજદૂત શ્રીયુત ઓનો કેઈચીએ જાપાનના મિનિસ્ટર ઓફ ઈકોનોમિક એન્ડ ડેવલપમેન્ટ સુશ્રી કોયોકો હોકુગો સાથે ગાંધીનગરમાં લીધી હતી. જાપાનના રાજદૂત ગુજરાતની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન ગુરુવારે ધોલેરા SIR તથા અમદાવાદમાં ૧૫૦ જેટલા અગ્રણી ઉદ્યોગ-રોકાણકારો સાથેની બેઠક બાદ મુખ્યમંત્રીશ્રીને શુક્રવારે મળ્યા હતા.

ભારત જાપાન ફ્રેન્ડશીપના ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે જાપાન ગુજરાત સાથેના સંબંધોનો સેતુ વધુ સુદ્રઢ કરવા ઈચ્છુક છે. એટલું જ નહિ, ગુજરાતમાં ૩૫૦થી વધુ જાપાનીઝ કંપનીઝ કાર્યરત છે અને રાજ્ય સરકાર દ્વારા તેમને જે સહયોગ મળી રહ્યો છે તે પણ પ્રશંસનીય છે તેમ શ્રીયુત ઓનો કેઈચીએ જણાવ્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, જાપાન માટે ગુજરાત સેકન્ડ હોમ છે ગુજરાતમાં બે જાપાન ટાઉનશીપ, જાપાનીઝ રેસ્ટોરન્ટ અને જાપાનીઝ ઉદ્યોગોને સાનુકૂળ વાતાવરણ પૂરું પાડ્યું છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં પણ જાપાનની સહભાગીતાનો ઉલ્લેખ કરતા ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને જાપાનના તત્કાલિન વડાપ્રધાન શીન્ઝો આબેની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ઈન્ડો-જાપાન એન્યુઅલ સમિટ ૨૦૧૭ દરમિયાન થયેલા સમગ્ર ખઘઅ ફળીભુત થયા છે. જાપાનના રાજદૂતે ખાસ કરીને ધોલેરા SIRમાં સેમીકોન ઈન્ડસ્ટ્રીઝના વિકાસની ભૂમિકા આપતા કહ્યું કે, સેમિકન્ડક્ટર ક્ષેત્રે જાપાનની નિપૂણતાનો ગુજરાતને લાભ મળે તેવી તેમની નેમ છે.

જાપાનની ઘણી સેમીકોન કંપની ધોલેરામાં રોકાણો માટે ઉત્સુક છે તે માટે ગુજરાત સરકાર ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સોશિયલ ઈન્ફ્રાસ્ટ્રકચર અને માનવ સંસાધન વિકાસ માટેની સુવિધાઓ વધુ સંગીન બનાવે તેવો અનુરોધ તેમણે મુખ્યમંત્રીશ્રીને કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં જણાવ્યું કે, રાજ્ય સરકાર સેમિકન્ડક્ટર સેક્ટરને વિશેષ અગ્રતા આપે છે. એટલું જ નહીં, નિશ્ચિત સમયાવધિમાં જરૂરી બધી જ વર્લ્ડ ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝ પૂરી પાડવાના સંકલ્પ સાથે કામ કરી રહી છે.

જાપાનના રાજદૂતે સેમિકન્ડક્ટર સેક્ટરમાં શ્રેષ્ઠ ઈકો સિસ્ટમ કઈ રીતે ઊભી થઈ શકે તે માટે જાપાનની મિઝુહો બેન્ક દ્વારા ધોલેરા અને જાપાનના સેમીકોન પાર્કમાં સર્વે કરવામાં આવી રહ્યો છે તેની પણ વિગતો આપી હતી. મુખ્યમંત્રીએ આ સર્વેમાં રાજ્ય સરકારના સંબંધિત વિભાગોના સહયોગની તત્પરતા વ્યક્ત કરતા ઉમેર્યું કે, સેમીકોન ઈન્ડસ્ટ્રીઝના ઉજ્જવળ ભવિષ્ય અને ગુજરાતને સેમિકન્ડકટર હબ બનાવવામાં આ સર્વે ઉપયુક્ત બનશે.

જાપાન રાજદૂત શ્રીયુત કેઈચીએ ગુજરાતમાં ઊટ ઉત્પાદન માટે જાપાનની કંપનીઝની ઉત્સુકતા દર્શાવવા સાથે અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ રેઈલ કોરીડોર-બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં પણ પરસ્પર સહકારથી વધુ ગતિ લાવવાની હિમાયત આ બેઠકમાં કરી હતી. તેમણે જાપાન-ભારત-ગુજરાતના સંબંધોનો સેતુ વાણિજ્ય-ઔદ્યોગિક અને સાંસ્કૃતિક આદાન-પ્રદાનથી વધુ મજબુત કરવાની નેમ પણ દર્શાવી હતી.

## બિન અનામત વર્ગના ૧૪,૯૯૩ વિદ્યાર્થીઓને

# વિદેશ અભ્યાસ અર્થે ૨૧૮૨ કરોડની લોન મંજૂર

### લોન માટે ધોરણ-૧૨ અથવા માન્યતા પ્રાપ્ત સમકક્ષ અભ્યાસક્રમમાં ૬૦ ટકા કે વધુ ગુણ ફરજીયાત



રાજકોટ, તા. ૧૧

ભારતમાં ઉજ્જ્વળ કારકિર્દી ધરાવતા અનેક વિદ્યાર્થીઓએ વિવિધ શિક્ષણલક્ષી યોજનાઓ થકી વિદેશમાં અભ્યાસ પૂર્ણ કરીને પોતાની સોનેરી કારકિર્દીને પાંખો આપી છે. ગુજરાતના વિદ્યાર્થીઓના સપનાને પાંખો આપતી રાજ્ય સરકારની 'વિદેશ અભ્યાસ લોન યોજના' હેઠળ અત્યાર સુધીમાં બિન અનામત વર્ગના ૧૪,૯૯૩ વિદ્યાર્થીઓને રૂ. ૨૧૮૨.૪૩ કરોડથી વધુની લોન મંજૂર કરાઈ છે. વંચીતોના વિકાસને વરેલી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ભાનુબેન બાબરીયાના માર્ગદર્શનમાં બિન અનામત વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ-૧૨ પછી વિદેશ અભ્યાસ કરી શકે તથા પોતાની ઉચ્ચ કારકિર્દી બનાવી શકે તે માટે 'વિદેશ અભ્યાસ લોન યોજના' અમલી બનાવાઈ છે.

વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છુક બિન અનામત વિદ્યાર્થીઓને આર્થિક રીતે મદદરૂપ થવા માટે સામજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના ગુજરાત બિન અનામત વિકાસ નિગમ દ્વારા વિદેશ અભ્યાસ લોન યોજના અમલી બનાવાઈ છે. વર્ષ ૨૦૧૮થી કાર્યરત આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૪,૯૯૩ વિદ્યાર્થીઓને રૂ. ૧૫ લાખ લેખે કુલ રૂ. ૨૧૮૨.૪૩ કરોડની લોન મંજૂર કરવામાં આવી છે.

વિદેશી અભ્યાસ લોન યોજના હેઠળ, બિન-અનામત શ્રેણીના વિદ્યાર્થીઓને એક વર્ષ કે તેથી વધુ અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટર માટે વિદેશમાં ઉચ્ચ શિક્ષણ અભ્યાસક્રમો કરવા માટે વાર્ષિક ૪ ટકાના સરળ વ્યાજ દરે ૧૫ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે વ્યક્તિગત અને કૌટુંબિક આવક મર્યાદા રૂ. ૦૬ લાખ રાખવામાં આવી છે.

ગુજરાતના દરેક વર્ગના નાગરીકોને વિકાસનો લાભ મળે એવા કલ્યાણકારી સંનિષ્ઠ પ્રયાસો રાજ્ય સરકાર દ્વારા થઈ રહ્યા છે. 'વિદેશ અભ્યાસ લોન યોજના' હેઠળ લોન ધોરણ-૧૨ કે માન્યતા પ્રાપ્ત સમકક્ષ અભ્યાસક્રમમાં ૬૦ ટકા કે તેથી વધુ ગુણ ધરાવતા હોવા જોઈએ. ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક, પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા,પી.એચ.ડી તેમજ તમામ ક્ષેત્રના અન્ય એકથી વધુ વર્ષના અથવા ઓછામાં ઓછા બે સેમસ્ટરના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મેળવવાને પાત્ર રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક જ પરિવારના વધુમાં વધુ બે વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળશે. આ યોજના હેઠળ આપવામાં આવેલી લોનમાં રૂ. પાંચ લાખ સુધીની કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ૧ વર્ષ છૂટ બાદ પાંચ વર્ષના સરખા માસિક હપ્તામાં ભરવાની રહેશે. જ્યારે રૂ. પાંચ લાખથી વધુની લોનના કિસ્સામાં અભ્યાસ પૂર્ણ કર્યા બાદ એક વર્ષ છૂટ બાદ છ વર્ષના સરખા માસિક હપ્તામાં ભરવાની રહેશે.



### ચાલુ ચોમાસામાં રાજ્યમાં સરેરાશ ૪૭ ટકાથી વધુ વરસાદ

## સરદાર સરોવર સહિત અન્ય ૨૦૭ જળાશયોમાં ૫૪ ટકા જળ સંગ્રહ

### સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૨.૩૭ ટકા પાણી : ગત વર્ષે આ સમયે રાજયના ૨૦૭ જળાશયોમાં ૩૯.૫૫ ટકા હતો જળ સંગ્રહ

રાજકોટ, તા. ૧૧

રાજ્યમાં ચોમાસાની ઋતુમાં સાર્વત્રિક મેઘમહેરના પરિણામે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૪ ટકા જળ સંગ્રહ થયો છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહ શક્તિના ૪૯.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ગત વર્ષે આ સમયે એટલે કે, તા. ૧૧ જુલાઈ-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૩૯.૫૫ ટકા જળ સંગ્રહ હતો તેમ, જળ સંપત્તિ વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

વધુમાં મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં સૌથી વધુ ૬૨.૮૩ ટકા જળ સંગ્રહ, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૬૨.૩૭ ટકા જળ સંગ્રહ, કચ્છના ૨૦ જળાશયોમાં ૫૬.૦૭ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૫૫.૬૭ ટકા જ્યારે ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૪૬.૭૯ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આમ સરદાર સરોવર સિવાય રાજ્યના ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૬.૭૬ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયલો છે.

રાજ્યમાં હાલમાં ચોમાસાની ઋતુમાં સૌથી વધુ કચ્છમાં સરેરાશ ૫૭ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૨.૧૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૭.૦૧ ટકા, પૂર્વ મધ્યમાં ૪૫.૯૦ ટકા જ્યારે ઉત્તર ગુજરાતમાં ૪૨.૦૮ ટકા સરેરાશ વરસાદ થયો છે. જેના ફળ સ્વરૂપે રાજ્યના ૨૪ જળાશયો ૧૦૦ ટકાથી વધુ, ૫૪ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકાની વચ્ચે, ૪૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકાની વચ્ચે જ્યારે ૪૦ જળાશયો ૨૫ થી ૨૫ ટકાની વચ્ચે ભરાયા છે. જેથી રાજ્યના ૩૮ જળાશયો માટે હાઈ એલર્ટ, ૨૦ જળાશયો એલર્ટ જ્યારે ૨૦ જળાશયો માટે વોર્નિંગ જાહેર કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, ભારે વરસાદના કારણે રાજ્યમાં હાલની સ્થિતિએ વડોદરા જિલ્લામાં બે સ્ટેટ હાઈવે અને છોટાઉદેપુર તાલુકામાં માત્ર એક નેશનલ હાઈવે સિવાય બાકીના તમામ રોડ રસ્તા ચાલુ છે. આ બંધ રોડ પણ બનતી ત્વરાએ ચાલુ કરાશે.



## નવા કામોની ટેન્ડર પ્રક્રિયા, બોર રીચાર્જ ફરજીયાત કરાવવા આદેશ

### સેન્ટ્રલ ઝોનના સંકલનના પ્રશ્નો, પ્રગતિ હેઠળના કામોનું રીવ્યુ કરતા મેયર

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને પદાધિકારીઓ તથા વોર્ડ કોર્પોરેટરની ઉપસ્થિતિમાં વોર્ડના સ્થાનિક સંકલનના પ્રશ્નો, રજુઆતો, પ્રગતિ હેઠળના કામો, નવા કામો તેમજ અન્ય બાબતો અંગે સંકલન કરી કામો ઝડપથી પૂર્ણ કરી શકાય અને સંકલનના પ્રશ્નોનું સત્વરે નિરાકરણ કરી શકાય તે હેતુસર ઝોન વાઈઝ મિટીંગ યોજવાનું નક્કી કરવામાં આવ્યું. જે અંતર્ગત ગઈકાલે સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૨,૩,૭,૧૩,૧૪,૧૭ કુલ-૬ વોર્ડના કોર્પોરેટરશ્રીઓ, અધિકારીઓની ઉપસ્થિતિમાં સ્ટેન્ડિંગ કમિટી કોન્ફરન્સ રૂમ ખાતે યોજાઈ.

આ મિટીંગમાં વોર્ડના સ્થાનિક સંકલનના પ્રશ્નો, રજુઆતો, પ્રગતિ હેઠળના કામો, નવા કામો તેમજ અન્ય બાબતો અંગે સંકલન કરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ.જેમાં ખાસ કરીને સેન્ટ્રલ ઝોનના વોર્ડ વાઈઝ પ્રગતિ હેઠળના કામો સત્વરે અને સમયમર્યાદામાં પૂર્ણ કરવા,નવા કામોની ટેન્ડર પ્રક્રિયા સત્વરે પૂર્ણ કરવી, કોમન પ્લોટમાં પેવિંગ બ્લોકની સાથે બોર રીચાર્જ ફરજીયાત કરાવવું, સર્વેશ્વર ચોક વોકળાનું કામ તાત્કાલિક પૂર્ણ કરાવવું, કોર્પોરેટરશ્રીની ગ્રાન્ટના કામો ઝડપથી પૂર્ણ કરવા, ચોમાસા બાદ બાકી વિસ્તારમાં ડામર કામ કરવું, સોરઠીયાવાડી વિસ્તારમાં ગાર્ડન નવીનીકરણનું કામ તથા મીલપરાથી કેનાલ રોડ વોકળો પાકો કરવાના કામની વહીવટી પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરાવવી, વોર્ડ નં.૧૪ અને ૧૭માં ડી.આઈ.પાઈપલાઈનના કામની ટેન્ડર પ્રક્રિયા કરવી, સિટીબસના સમયમાં જરૂરીયાત મુજબ ફેરફાર કરવા, આરોગ્ય કેન્દ્રના ચકાસણી તથા રીપોર્ટ માટેના મશીન શરૂ કરાવવા, કોઠારીયા તરફના નેશનલ હાઈવેના સર્વિસ રોડ પર વરસાદી પાણી જમા થાય છે તે વોર્ડ નં.૧૬ તથા ૧૭માં આવતું હોય જે અંગે હાઇવે ઓથોરીટીને જાણ કરવી,વોર્ડ વાઈઝ સફાઈ, ન્યુસન્સ પોઈન્ટની સફાઈ, ડી.આઈ.ના કામો પૂર્ણ થયા હોય ત્યાં મોરમ અને મેટલીંગ કામ કરાવવું, ચોમાસા બાદ ડામર રી-કાર્પેટ કરવું, કોર્પોરેશનના તમામ બાકી રહેતા બિલ્ડીંગમાં સોલાર સિસ્ટમ ઈન્સ્ટોલ કરાવવી વગેરે બાબતો સંબંધી પદાધિકારીઓએ રીવ્યું કરવામાં આવ્યું અને લગત અધિકારીઓને કામગીરી સત્વરે હાથ ધરવા સૂચના આપવામાં આવી.

# પેડેસ્ટ્રલ અને આર્ટીક્યુલેશન ક્રશ થવાના પગલે ગંભીરા બ્રિજ તૂટ્યો

### માર્ગ અને મકાન વિભાગની ઉચ્ચ સ્તરીય તપાસ સમિતિ ૩૦ દિવસમાં વિસ્તૃત અહેવાલ સોંપાશે

વડોદરા , તા. ૧૧

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર ખાતે બ્રિજ તૂટી પડવાની ઘટના સંદર્ભે આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે સ્થળની મુલાકાત લીધી હતી. તેમણે જણાવ્યું કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના આદેશ બાદ માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ કરવા આવી છે અને આ તપાસ સમિતિના પ્રાથમિક અહેવાલ મુજબ પેડેસ્ટ્રલ અને આર્ટીક્યુલેશન ક્રશ થવાના કારણે આ બ્રિજ તૂટી પડ્યો હોવાનું નોંધાયું છે.

માધ્યમો સાથે વાત કરતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, માર્ગ અને મકાન વિભાગની આ સમિતિ દ્વારા ૩૦ દિવસમાં વિસ્તૃત અહેવાલ આપવામાં આવશે. તેના ટેકનિકલ અને વહીવટી કારણો સાથેનો તપાસ અહેવાલ મુખ્યમંત્રીને સોંપવામાં આવશે. બાદમાં તેના આધારે અન્ય નિર્ણયો લેવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, પ્રાથમિક દ્રષ્ટિએ જ્યાં પણ બેદરકારી ધ્યાને આવી, એ માટેના જવાબદાર માર્ગ અને મકાન વિભાગના ચાર અધિકારીઓને રાજ્ય સરકારે ફરજ મોકૂફી હેઠળ મૂક્યા છે. હજુ પણ જે પગલાં લેવા પડશે, એ પગલાં રાજ્ય સરકાર ચોક્કસ લેશે. તેમણે જણાવ્યું કે. હાલમાં બ્રિજ દુર્ઘટનામાં શોધખોળ કામગીરી અંતિમ તબક્કામાં છે. અંદર પડેલા વાહનો બહાર કાઢવામાં આવ્યા છે. હતભાગીઓનાં મૃતદેહો તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે. સમગ્ર તંત્રએ ત્વરિત અને સંવેદના સાથે કામગીરી કરી છે.



### ગુજરાત સરકારનો હકારાત્મક નિર્ણય

# ન્યાયિક પ્રણાલીમાં હવે ટેક્નોલોજીનો થશે ઉપયોગ

### રાજયના ડીસ્ટ્રીકટ જયુડીશયરીના ૧૨૦૦ ન્યાયાધીશોને રૂ. એક લાખ સુધીના ટેબ્લેટ અને પ્રિન્ટર અપાશે

રાજકોટ, તા. ૧૧

ગુજરાત સરકારે ન્યાયિક કાર્ય પ્રણાલીને વધુ સુગમ, કાર્યક્ષમ અને ટેકનોલોજી આધારિત બનાવવા માટે એક મહત્વનો નિર્ણય કર્યો છે. કાયદા મંત્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શનમાં કાયદા વિભાગે રાજ્યના ડીસ્ટ્રીકટ જયુડીશયરીના ૧૨૦૦ ન્યાયાધીશોને રૂ. એક લાખ સુધીના ટેબ્લેટ અને પ્રિન્ટર આપવામાં આવશે. આ નિર્ણય અંતર્ગત, રાજ્યના અંદાજે ૧૨૦૦ ડીસ્ટ્રીકટ જયુડીશયરીના ન્યાયાધીશને રૂ. ૮૦,૦૦૦ની કિંમતના ટેબ્લેટ અને રૂ. ૨૦,૦૦૦ની કિંમતના પ્રિન્ટર આપવામાં આવશે. આ માટે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ. ૧૫ કરોડની જોગવાઈ મંજૂર કરી છે. આ નિર્ણયથી ન્યાયિક પ્રક્રિયાઓમાં ડિજિટલ ટેકનોલોજીના વ્યાપક ઉપયોગને પ્રોત્સાહન મળશે.



ભારતીય ન્યાય સંહિતાના નવા ફોજદારી કાયદાઓ ભારતીય ન્યાય સંહિતા , ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમના અસરકારક અમલીકરણ માટે ડીસ્ટ્રીકટ જયુડીશયરીના ન્યાયાધીશોને અદ્યતન ટેકનોલોજીના સાધનો આપવાનો નિર્ણય કર્યો છે. આ પહેલ ઈ-કોર્ટ મિશન મોડ અને ભારત સરકાર તથા ગુજરાત સરકારની ઈઝ ઓફ ડૂઈંગ જસ્ટિસ નીતિના ભાગરૂપે કરવામાં આવી છે. આ નિર્ણય ગુજરાત સરકારની ન્યાય વ્યવસ્થાને આધુનિક બનાવવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. જેનાથી ન્યાયિક અધિકારીઓને તેમના કાર્યમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને વધુ કાર્યક્ષમતા અને ચોકસાઈ લાવવામાં મદદ મળશે. આ પહેલ રાજ્યની ન્યાય વ્યવસ્થાને ડિજિટલ યુગ સાથે સાંકળીને નાગરિકોને ઝડપી અને પારદર્શક ન્યાય અપાવવાના લક્ષ્યને વેગ આપશે.

### ફ્રોડ અને ચોરીની બે ઘટનામાં ચાર ભાઇઓ ચર્ચાના ચકડોળે ચડ્યા

# ડોકટરને છેતરીને સગો ભાઈ ૫ કરોડ ગપચાવી ગયો

## બીજા કિસ્સામાં બે ભાઇઓએ સાથે મળી ત્રીસ મોબાઇલ ફોનની ચોરીઓ કરીઃ પૈસાની ખેંચ દૂર કરવા અવળા રસ્તે ચડી ગયા હતાં

રાજકોટ, તા. ૧૧

અલગ અલગ કારણોસર બે અલગ અલગ ઘટનામાં કુલ ચાર ભાઇઓ ચર્ચાના ચકડોળે ચડ્યા હતાં. એક ઘટનામાં તબિબે પોતાની હોસ્પિટલનું સંચાલન સગા ભાઈને સોંપતાં આ ભાઇ બારોબાર પાંચ કરોડ રૂપિયા ગપચાવી ગયો હતો. ક્રિકેટના સટ્ટા અને ડબ્બા ટ્રેડીંગને કારણે લાખોના દેણામાં ડુકી ગયેલો આ ભાઇ ડોક્ટર ભાઇના નાણા ખાઇ જતાં વાત પોલીસ સુધી પહોંચી હતી. બીજી તરફ ચોરીની ઘટનાઓને કારણે બે ભાઇઓ પોલીસની ઝપટે ચડ્યા હતાં. આ બંને આર્થિક ભીંસ દૂર કરવા મોબાઇલ ફોન ચોરવાના રવાડે ચડ્યા હતાં. બંનેએ મળી ત્રીસ જેટલા ફોન ચોરી લીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો વરાછાની ઈટાલીયા હોસ્પિટલ અને મોટા વરાછામાં પ્લેટીનીયમ પોઇન્ટમાં ઈટાલીયા મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલ એમ બે હોસ્પિટલનું ડોક્ટરે તેના સગાભાઈને સંચાલન સોંપ્યું હતું. જેમાં સગાભાઈ બન્ને હોસ્પિટલમાંથી ચાર કરોડ ચોરાણુ લાખની ઉચાપત કરી છે. આ અંગે તબીબ અનિલ ઈટાલીયાએ ક્રાઇમબ્રાંચમાં ફરિયાદ આપી છે. જેના આધારે પોલીસે મુળ ભાવનગર પાંચ પીપળીયાના અને હાલ પાલ ગેલેક્સી રોડ શ્રીપદ પાર્કમાં રહેતાં યોગેશ રાજા ઈટાલીયની સામે ઠગાઈનો ગુનો નોંધી ધરપકડની કાર્યવાહી હાથ ધરી હતી. ઈકો સેલના સ્ટાફે જણાવ્યું કે ડોકટર અનિલ ઈટાલીયાએ વરાછા અને મોટા વરાછામાં ઈટાલીયા મલ્ટી સ્પેશીયાલીટી હોસ્પિટલ શરૂ કરી હતી. જેમાં સગો ભાઈ યોગેશ ઈટાલીયા બન્ને હોસ્પિટલનો તમામ વહીવટ સંભાળતો હતો.

પણ અચાનક તબિબને હોસ્પિટલના આર્થિક વહિવટમાં ગોટાળાની ગંધ આવતાં તેણે તપાસ કરતાં સંચાલન સંભાળતો સગો ભાઇ ચાર કરોડ ચોરાણુ લાખની રકમ ગપચાવી ગયાનું સામે આવતાં તેની પુછતાછ કરી હતી અને તેણે યોગ્ય જવાબ ન આવતાં અંતે પોલીસને જાણ કરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ આરોપી ભાઇ યોગેશ ડબ્બા ટ્રેડીંગ અને કિકેટના સટ્ટો રમતો હતો ઉપરથી તે દારૂનો નશો કરતો હતો. યોગેશે લાખોનું દેવું કરી નાખ્યું હતું. જે દેવું પણ ડોક્ટર અને તેના પિતાએ ચુકવવું પડયું હતું. ડોક્ટરે સગાભાઈને સુધારવા માટે વરાછા અને મોટા વરાછાની બન્ને માલિકીની હોસ્પિટલનો વહીવટ તેને સોંપી દીધો હતો. ડોક્ટરે સગા ભાઈ



પર આંધળો વિશ્વાસ મુકી દીધો હતો. ડોક્ટર કમાણીમાંથી કતારગામ, કામરેજ, મોટા વરાછા સહિત ૭ થી ૮ મિલકતો ખરીદી કરી હતી. જ્યારે ડોક્ટરના પિતાનું અવસાન થયું ત્યાર પછી ભાઈઓમાં વિવાદ થયો હતો અને સમગ્ર ભોળુ છતુ થયું હતું.

બીજી ઘટના જોઇએ તો સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચે લસકાણા વિસ્તારમાં આવેલી 'મહાદેવ મોબાઈલ' નામની દુકાનમાંથી લાખો રૂપિયાના ત્રીસ મોબાઈલ ફોનની ચોરીનો અનડીટેક્ટ ગુનો ઉકેલી કાઢ્યો છે. આ ચોરીને અંજામ આપનાર ર કૌટુંબિક ભાઈઓને મુદ્દામાલ સાથે ઝડપી પાડીને પોલીસે મોટી સફળતા મેળવી છે. રોજગારી માટે સુરત આવેલા આ ભાઈઓ ઝરી મશીન પર મજૂરી કરતા હતા.

પરંતુ તેમને આ કામમાં પૂરતા પૈસા ન મળતાં, ઝડપથી રૂપિયા કમાવવાની લાલચ જાગી. આ લાલચમાં તેઓએ ચોરીનું કાવતરું ઘડ્યું. મહેનત છોડી, શોર્ટકટ અપનાવવાનું નક્કી કર્યું, અને ગુનાના રસ્તે વળી ગયા હતા. રાત્રીના સમયે લસકાણાના ડાયમંડ નગર, કળથીયા ઇન્ડસ્ટ્રીઝ વિભાગ-૧, પ્લોટ નંબર ૩૩૬, દુકાન નંબર ૫ અને ૬માં આવેલી 'મહાદેવ મોબાઈલ' દુકાનમાં તાળા તોડીને રૂ. ૩,૬૬,૦૮૭ કિંમતના કુલ ૨૭ કિંમતી મોબાઈલ ફોનની ચોરી થઈ હતી.પોલીસને બાતમી મળી હતી કે, આ ઘરફોડ ચોરીને અંજામ આપનાર આરોપીઓ સરથાણા શ્યામધામ ચોક પાસે ભોલેનાથ માર્બલની સામે છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને શિવનારાયણ રામરૂપ નિસાદ અને અરવિંદકુમાર સુખનંદન નિસાદને ઝડપી પાડ્યા હતા.

આ બંને ઓગણીસ અને બાવીસ વર્ષના છે અને મુળ ઉત્તપ્રદશુના વતની છે. આરોપીઓની પૂછપરછમાં બહાર આવ્યું કે, બંને કૌટુંબિક ભાઈઓ છે અને રોજગારી અર્થે સુરત આવ્યા હતા. તેઓ ઝરી મશીન ચલાવીને મજૂરી કામ કરતા હતા. આ કામમાં તેમને પૂરતા પૈસા ન મળતા હોવાથી તેઓએ શોર્ટકટમાં પૈસા કમાવવાનું કાવતરું ઘડ્યું. તેઓ જ્યાં મજૂરી કામ કરતા હતા તેની નજીકમાં આવેલી મહાદેવ મબોઇલ દુકાનમાં કિંમતી મોબાઈલ ફોનોની ચોરી કરીને વતનમાં લઈ જઈ વેચાણ કરીને પૈસા કમાવવાની યોજના બનાવી હતી. આ માટે તેઓએ હાર્ડવેરની દુકાનમાંથી કટર ખરીદીને દુકાનના શટરના તાળા તોડીને ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. ગુનાને અંજામ આપ્યા બાદ આરોપીઓ સુરત શહેર છોડીને પોતાના વતનમાં જવાની ફિરાકમાં હતા. જોકે, પોલીસે તેમને સમયસર ઝડપી પાડીને વણશોધાયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી કુલ ૩,૬૬,૦૮૭નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દુકાનના શટરના તાળા કાપવા માટે ઉપયોગમાં લેવાયેલું એક કટર પણ કબ્જે કરી વધુ કોઇ ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ હાથ ધરી છે.

---

### સુવિધાની ચકાસણી કરી આરોગ્ય કેન્દ્ર ખાતે આવતા દર્દીઓ અને આંગણવાડીના બાળકો-વાલીઓ સાથે સંવાદ કર્યો

# અમરજીતનગર આંગણવાડીની મુલાકાત લેતા DMC ગુરવાની





રાજકોટ તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશનર મનીષ ગુરવાની(IAS) એ શહેરના વોર્ડ નં.ર માં આવેલ બજરંગવાડી આરોગ્ય કેન્દ્ર અને અમરજીતનગર આંગણવાડી કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ વિઝિટ દરમિયાન તેમણે આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડી કેન્દ્રની સુવિધાની અંગે ચકાસણી કરી માહિતી મેળવી હતી તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે આવતા દર્દીઓ અને આંગણવાડીના બાળકો-વાલીઓ સાથે સંવાદ કર્યો હતો.

નાયબ મ્યુનિસિપલ કમિશનરએ વોર્ડ નં.રમાં આવેલ આરોગ્ય કેન્દ્રની મુલાકાત કરી, આરોગ્ય કેન્દ્રના સ્ટાફ સાથે ઓ.પી.ડી., દવાઓ અને લેબોરેટરી સંબંધી વિગતો અંગે વાતચીત કરી હતી. સાથોસાથ સરકારના જુદાજુદા સ્વાસ્થ્ય સંબંધી પ્રોગ્રામના અમલીકરણ અંગે મેડીકલ ઓફિસરઓ અને સ્ટાફ સાથે રીવ્યુ કર્યો હતો. તેમજ તેમણે માતાઓ અને બાળકોના સ્વાસ્થ્ય સંબંધી સુચકોમાં સુધારો લાવવા બાબતે સુચનો કર્યા હતા.

અમરજીતનગર આંગણવાડી કેન્દ્ર ખાતેની મુલાકાત દરમ્યાન નાયબ મ્યુનિસિપલ કમિશનરએ આંગણવાડીની સુવિધાની ચકાસણી કરી હતી તેમજ મમતા દિવસની પણ ચકાસણી કરવામાં આવી. નાયબ મ્યુ. કમિશનરએ અતિ ગંભીર કુપોષિત બાળકોની સાથે મેડીકલ બાબતે સંવાદ કર્યો હતો. નાયબ કમિશનરની આ ફેરણી દરમિયાન તેમની સાથે આરોગ્ય શાખા અને આઈ.સી.ડી.એસ. શાખાના સંબંધિત અધિકારીઓ-કર્મચારીઓ હાજર રહ્યા હતાં.

---

# છાસવાલા પેઢી પર આરોગ્ય ત્રાટક્યું
# ૮ કિલો જથ્થો નાશ

### ૧૮ ધંધાર્થિઓની ચકાસણી કરાઈ જેમાં ૭ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના તથા ૧૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરાઈ

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકાના દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન પ્લેટિનમ આર્કેડ, ગ્રા.ફ્લોર ૧-૨, કાલાવડ રોડ, રાજકોટ મુકામે આવેલ ''પટેલ ડેરી પ્રોડક્ટ પ્રા. લી. (છાસવાલા)'' પેઢીની તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ ફ્રીઝમાં એક્સપાયરી ડેટ વીતેલ વિવિધ ફ્લેવરના આઇસ્ક્રીમ મળી આવતા કુલ મળીને ૮ કિ.ગ્રા. અખાદ્ય જથ્થાનો સ્થળ પર નાશ કરવામાં આવ્યો તેમજ પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.



સર્વેલન્સ ચેકિંગ દરમિયાન બાલાજી કૃપા, સિલ્વર હાઇટસની બાજુમાં, રાજકોટ મુકામે આવેલ ''બાઉલ બાઇટ'' પેઢીની તપાસ કરતા પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન નાગરિક બેન્ક પાસે, ૧૫૦' રિંગ રોડ, રાજકોટ મુકામે આવેલ ''થિરૂમાલા મદ્રાસ કાફે'' પેઢીની તપાસ કરતા પેઢીને સ્થળ પર હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ બાબતે નોટીસ આપવામાં આવેલ.

સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ક્રિષ્ના તીર્થ, ગ્રા.ફલોર શોપ નં.૫, પુષ્કરધામ પાસે, રાજકોટ મુકામે આવેલ ''મલ્ટીગ્રેઇન ફૂડ પ્રા.લી. (અતુલ બેકરી)'' પેઢીની તપાસ કરતા પેઢીને સ્થળ પર પ્રોડક્ટ મુજબ યોગ્ય સ્ટોરેજ જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના ડ્રીમ સીટી વાળો રોડ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૧૮ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૭ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૮ નમૂનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવી હતી . જ્યારે ૭ પેઢીને લાઇસન્સ મેળવા બાબતે સૂચના આપવામાં હતી જેમાં જય રાણીમાં હોટલ, મહાકાળી કોલ્ડડ્રિંક્સ , પરમ ફાર્મસી, કૈલાશ જનરલ સ્ટોર, સુરેશ સ્વીટ માર્ટ,શ્યામ જનરલ સ્ટોર્સ , જલારામ ખમણનો સમાવેશ થયો હતો. એટલુજ નહીં

ક્રિષ્ના માર્ટ, જે.બી. સુપર માર્ટ, ઝીંઝુરાજ મેડિકલ સ્ટોર, પાર્શ્વનાથ જનરલ સ્ટોર, આરના લાઈવ આઇસ્ક્રીમ, પરિશ્રમ કેક શોપ, સદગુરુ અમૂલ પાર્લર, મેરીએટ ફૂડ ઝોન, ક્રિષ્ના ડેરી ફાર્મ, પારસ સ્વીટ માર્ટ, શ્રી હરિ જનરલ સ્ટોરની ચકાસણી કરવામાં આવી હતી.

---

# ખાલી પડેલ આવાસોના ડ્રોની વેઈટિંગ યાદી વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ

### આ વખતે પ્રથમ વખત બધાજ અરજદારોનો ડ્રોમાં સમાવેશ કરવામાં આવ્યો અને ત્યારબાદ ફોર્મ ચેકીંગની કાર્યવાહી કરવામાં આવી હતી



રાજકોટ, તા. ૧૧

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે રાજકોટ મહાનગરપાલિકાના EWS-2 કેટેગરીનાં ૧૩૩ અને MIG કેટેગરીનાં ૫૦ ખાલી પડેલ આવાસોનો કમ્પ્યુટરાઇઝ્ડ જાહેર ડ્રો યોજવામાં આવ્યો હતો. રાજકોટ મહાનગરપાલિકા અગાઉ ફોર્મ ચેકીંગ બાદ આવાસનો ડ્રો કરી ફાળવણી કરવામાં આવતી હતી.

આ વખતે પ્રથમ વખત બધાજ અરજદારોનો ડ્રોમાં સમાવેશ કરવામાં આવ્યો અને ત્યારબાદ ફોર્મ ચેકીંગની કાર્યવાહી કરવામાં આવી હતી. આથી ડ્રો બાદ આવાસ મળેલ હોય, એવા અરજદારોની ઓનલાઇન ફોર્મ ભરતી વખતે થયેલી નાની ભૂલના કારણે અરજી રિજેકટના થઇ જાય એ માટે અરજદારોની અરજી રિજેક્ટ કરતા પહેલાં એમને અપુરતા આધાર-પુરાવાઓની પૂર્તતા કરવાની એક તક આપવામાં આવી હતી.

ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ થનાર વેઈટિંગ યાદીમાં નામ ધરાવતા અરજદારો રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ પર પોતાની અરજીની સ્થિતિ જાણી શકે છે. અરજાદાઓ દ્વારા રજુ કરવામાં આવેલ માહિતી જો કોઇપણ સમયે/ તબક્કે ખોટી છે અથવા અરજદારની પોતાની/ કુટુંબની માલિકીનું આવાસ છે અથવા અરજદાર અગાઉ સરકારી આવાસ યોજનાનો લાભ લઇ ચુકેલ છે તો એમની અરજી રદ કરવામાં આવશે અને એમણે ભરેલ તમામ રકમ જપ્ત કરવામાં આવશે તથા એમની વિરૂદ્ધ નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

---

### વિકૃતીયા હવસખોરો ક્યારે ક્યાં લખણ ઝળકાવે તે કહી ન શકાયઃ વધુ બે ઘટના

# કામુક કૂલીની હલકટાઇ : બાળા સાથે કૂકર્મનો પ્રયાસ

### વેઈટીંગ રૂમમાં બાળાને એકલી જોઇ બથ ભરી ચાળા ચાલુ કર્યાઃ દેકારો મચાવતાં બાળાના પરિવારજનો દોડી આવ્યોઃ જીઆરડીએ કૂલીને પકડી ખોખરો કર્યો

રાજકોટ તા. ૧૧

વિકૃત શખ્સો ગમે ત્યારે પજવણી, છેડતી, દૂષ્કર્મના ગુના આચરી બેસે છે. રાજ્યભરમાં આ પ્રકારની ઘટનાઓમાં ચિંતાજનક રીતે વધારો થઇ ગયો છે. દરરોજ કોઇને કોઇ બાળકી સગીરા કે યુવતિઓ હવસખોરીનો શિકાર બની રહી છે. વધુ બે આવી ઘટના સામે આવી છે જેમાં રેલ્વે સ્ટેશન પર કૂલી કામુક બની ગયો હતો અને કૂકર્મના ઇરાદે નવ વર્ષની બાળકીને ઉઠાવી વેઇટીંગ રૂમમાં તેની સાથે અશોભનીય વર્તન કરી લીધુ હતું. દૂષ્કર્મનો પ્રયાસ કરનારા આ કૂલીને પોલીસે તત્કાળ દબોચી લઇ હવસખોરી ઉતારી નાખી હતી. બીજી ઘટનામાં ઘરના બાથરૂમમાં એક મહિલા ન્હાઇ રહી હતી ત્યારે એક શખ્સ અંદર ઘુસી ગયો હતો અને છેડતી કરી બળજબરીનો પ્રયાસ કરી લીધો હતો. દેકારો મચી જતાં ધમકી આપી તેમજ મહિલાના દિકરી પર હુમલો કરી ભાગી ગયો હતો.

હવસખોરીની પ્રથમ ઘટના પર નજર કરીએ તો આ બનાવ વલસાડ રેલવે સ્ટેશન પર બન્યો છે. આ ઘટનાએ સૌ કોઇને ચોંકાવી દીધા હતાં. રેલ્વે સ્ટેશન પર રખડતું જીવન વિતાવતા ભીક્ષુક પરિવારની નવ વર્ષની બાળકી સાથે કૂલીએ અશોભનીય વર્તન કર્યું હતું. બાળકી જ્યારે વેઇટીંગ રૂમમાં બાથરૂમ જવા ગઈ હતી, ત્યારે કુલી તરીકે કામ કરતો યુવક તેની પાછળ ગયો હતો. યુવકે બાળકીને લોભામણી લાલચો આપી તેને નિવસ્ત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો. સજાગ બાળકી વેટિંગ રૂમમાંથી દોડીને બહાર આવી અને બૂમાબૂમ કરી મુકી હતી. બાળકીની બૂમો સાંભળી તેના પરિવારજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પરિવારે તરત જ વલસાડ જીઆરપીને જાણ કરી હતી. જીઆરપીની ટીમે ઘટનાસ્થળે પહોંચી આરોપી કૂલીની ધરપકડ કરી લીધી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર આ મામલે પોલીસે વેટિંગ રૂમના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવ્યા છે અને ઘટનાસ્થળનું પંચનામું કરી આગળની તપાસ શરૂ કરી છે.

બીજો બનાવ અમરેલીના સાવરકુંડલાના બગડાવાસ વિસ્તારમાં બન્યો છે. અહિ રહેતા એક શખ્સે મહિલાના ઘરમાં ઘુસી તેના કપડા ખેંચી બિભત્સ માંગણી કર્યા બાદ આ મહિલાને પાઈપ વડે માર મારતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. સાવરકુંડલાના બગડાવાસમાં રહેતી એક મહિલાએ આ બારામાં કિરણ દેવસીભાઈ બગડા નામના શખ્સ સામે સાવરકુંડલા શહેર પોલીસ મથકમાં ફરિયાદ



## બળાત્કારના કેસમાં ભાવનગર મહુવાના નવાબખાન પઠાણને આજીવન કેદની સજા

નોંધાવી છે જેમાં તેણે જણાવ્યું છે ગઈકાલે સાંજે તે ઘરના બાથરૂમમાં ન્હાવા માટે ગઈ ત્યારે આ શખ્સ બરજબળીથી ત્યા ધસી આવ્યો હતો અને તેનું ગાઉન ખેંચી બિભત્સ માંગણી કરી હતી.

આવા વર્તનથી ડઘાઇ ગયેલી મહિલાએ બૂમાબૂમ કરતા તેની દિકરી અને બહેન પણ ત્યા આવી પહોંચ્યા હતા. જેથી આ શખ્સે ઉશ્કેરાઇ તેને તથા તેની દિકરીને પાઈપનો ઘા મારી ઈજા પહોંચાડી હતી અને મારી નાખવાની ધમકી પણ આપી હતી. એએસઆઈ જે.જે.રાઠોડ દ્વારા એફઆઇઆર દાખલ કરી આરોપીને ઝડપી લેવા દોડધામ શરૂ કરવામાં આવી હતી.

બીજી તરફ બળાત્કાર-દૂષ્કર્મની બે ઘટનામાં અદાલતે દાખલારૂપ ચુકાદા આપ્યા છે. બે વર્ષ પૂર્વે ભાવનગરના મહુવા પંથકની યુવતીને ધમકી આપી બળાત્કાર ગુજારવાની ચકચારી ઘટનામાં કોર્ટે પાલિતાણાના શખ્સને આજીવન કેદની સજા ફટકારી છે. મહુવા પંથકમાં રહેતી અઢાર વર્ષની યુવતીના મધરાતે ઘરમાં ઘુસી નવાબખાન હુસેનભાઈ પઠાણ નામના પચ્ચીસ વર્ષના શખ્સે પરિવારના સભ્યોને જાનથી મારી નાંખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું. ભોગ બનનાર યુવતીની ફરિયાદના આધારે મહુવા પોલીસે બળાત્કારી શખ્સની ધરપકડ કરી હતી. આ અંગેનો કેસ મહુવાના બીજા એડી. ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ કમલેશ કેસરીની દલીલો,૧૬ મૌખિક,૩૮ લેખિત પુરાવાને ધ્યાને રાખી આરોપીને તકસીરવાન ઠેરવી આજીવન કારાવાસની સજા અને રૂપિયા દસ હજારનો દંડ ફટકાર્યો હતો. તેમજ ભોગબનનાર યુવતીને વિકટીમ કંમ્પસેશન સ્કીમ-૨૦૧૯ હેઠળ ચાર લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.ઉલ્લેખનિય છે કે, આરોપી નવાબખાન પઠાણે વર્ષ ૨૦૨૨માં પણ એક સગીરા ઉપર દુષ્કર્મ ગુજાર્યું હતું. જે ગુનાના કામે કાચા કામના કેદી તરીકે જેલમાં હતો. ત્યારે શખ્સે જામીન અરજી મંજૂર થતાં જેલમાંથી બહાર આવી યુવતીને હવસનો શિકાર બનાવી હતી.

યુવતી ઉપર બળાત્કાર ગુજારવાના કેસમાં આજીવન કેદની સજા પામેલો નવાબખાન પઠાણ અગાઉ વર્ષ ૨૦૨૨માં એક સગીરા સાથે પણ રેપ કર્યો હતો. પોક્સો એક્ટ સહિતની કલમના ગુનાની વર્ષ ૨૦૨૪માં સુનવણી થતાં મહુવા કોર્ટે સરકારી વકીલ કમલેશ કેસરીની દલીલો, રજૂ થયેલા આધાર-પુરાવાઓને ગ્રાહ્ય રાખી વીસ વર્ષ સખત કેદની સજા ફટકારી હોઇ તે તળે નવાબખાન પઠાણ હાલ રાજકોટ જિલ્લા જેલમાં છે. ત્યાં શખ્સ સામે વધુ એક બળાત્કારનો કેસ સાબિત થતાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# મરો તો તંત્ર હલે..!

## નિષ્ઠુર : દુર્ઘટના થાય ત્યારે જ તંત્ર ધંધે લાગવાનું નાટક કરે છે



એકાદ દુર્ઘટના બને, નિર્દોષ નાગરિકો કમોતે મરે, મીડિયામાં આ મુદ્દો ચગે ત્યારે તંત્ર હલબલે છે અને કામ કરવાના નાટક કરે છે. લોકશાહીમાં 'મામા' બનાવવાની આ પરંપરા લાંબા સમયથી ચાલી રહી છે. મધ્ય ગુજરાતમાં બ્રિજના કટકા થયા ત્યારે તંત્રને અન્ય જર્જરિત બ્રિજની ચિંતા થઇ.

સમાચારો પ્રમાણે રાજકોટ જિલ્લામાં ત્રણ પુલ જર્જરિત હોવાની વાતથી તપાસના આદેશો અપાયા છે. સવાલ એ થાય છે કે, ગંભીરા બ્રિજ તૂટ્યો અને નિર્દોષ લોકો મર્યા ત્યારે જ રાજકોટના જર્જરિત બ્રિજની ચિંતા થઇ? ગંભીરા પુલ ન તૂટ્યો હોત તો જર્જરિત પુલની કોઇને પડી ન હતો... આ નાલાયકી-નિષ્ઠુરતા ન ગણાય?

યાદો કરો, રાજકોટમાં અગ્નિકાંડનો હાહાકાર મચ્યા બાદ ગુજરાતભરમાં ફાયર સેફ્ટીના નામે તંત્રએ છ મહિના સુધી બેફામ ગોકીરા કર્યા હતા. ઘણાના ધંધા સ્થગિત કરાવી દીધા હતા. નવા નિયમો અને હોબાળા સર્જ્યા બાદ હાલમાં સ્થિતિ લોલમલોલ છે.

સમગ્ર પરંપરનું તારણ એ છે કે, દુર્ઘટનામાં નિર્દોષ નાગરિકો મરે ત્યારે તંત્ર માત્ર હલબલે છે. સક્રિય હોવાના માત્ર નાટક થાય છે. સમસ્યા ઉકેલાતી નથી. સ્થિતિ સુધરતી નથી. આવી પરંપરા લોકોને મૂરખ બનાવવા જેવી છે.

રાજકોટ જિલ્લામાં નેશનલ હાઈવે ઓથોરિટી હસ્તકના ત્રણ બ્રિજ અને માર્ગ-મકાન વિભાગ હસ્તકના પાંચ બ્રિજ જર્જરિત હોવા અંગે તપાસના આદેશો આપ્યા છે. તપાસનો રિપોર્ટ બે દિવસમાં આપવાનો આદેશ અપાયો છે. ગંભીરા પુલના કટકા ન થયા હોત તો કલેક્ટરને રાજકોટ જિલ્લાના જર્જરિત પુલ મુદ્દે જરા પણ રસ ન હતો.

દુર્ઘટના બને ત્યારે જ જાગવાની તંત્રની પરંપરાના કારણે ગુજરાતમાં મહાકાય-જીવલેણ દુર્ઘટનાઓ ચાલતી રહે છે. લોકો મરતા રહે છે, તપાસના આદેશો થતા રહે છે. પ્રકરણો ભીના સંકેલાતા રહે છે. અધિકારીઓને જવાબદારીનું ભાન નથી. ગુજરાત આવા અધિકારીઓને શા માટે સહન કરે છે?

એકાદ મહાકાય હોર્ડિંગ તૂટી પડે ત્યારે સમગ્ર ગુજરાતમાં હોર્ડિંગ અંગેના આદેશો આપી દેવાય છે. થોડા દિવસ હોબાળો થાય બાદ જોખમી હોર્ડિંગ્સ બધે ગોઠવાઇ જાય છે. આવા તંત્રનો આવા કડક પગલાંનો કોઇ મતલબ ખરો?

ગુજરાતીઓએ તંત્રને હલતું કરવું હોય તો કમોતે મરવું પડે છે. આ સ્થિતિ અતિ ખતરનાક છે. આશ્ચર્ય એ છે કે, રાજકીય ઇચ્છાશક્તિ પણ આ બધું મૌન બનીને જુએ છે. ગુજરાતીઓએ જીવતા રહેવું હોય તો તાકાત દેખાડવી પડશે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# છેલ્લા ૨૪ કલાકમાં પ.બંગાળમાં TMCના ૨ નેતાની હત્યા

## બંને નેતાઓ વચ્ચે નવ વિઘા જમીન અને મોટી રકમનો લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો, જેના કારણે આ ભયાનક હત્યા થઈ

નવીદિલ્હી, તા. ૧૧

પશ્ચિમ બંગાળમાં છેલ્લા ૨૪ કલાકમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના બે નેતાઓની હત્યાએ રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે. એક તરફ, શુક્રવારે માલદામાં ટીએમસી નેતા અબુલ કલામ આઝાદની ક્રૂરતાથી હત્યા કરવામાં આવી હતી, તો બીજી તરફ, ગુરુવારે રાત્રે દક્ષિણ ૨૪ પરગણાના ભાંગર વિસ્તારમાં તૃણમૂલ નેતા રઝાક ખાનની ધોળા દિવસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. માલદા જિલ્લાના અંગ્રેજી બજાર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લક્ષ્મીપુર ગામમાં શુક્રવારે ટીએમસી નેતા અબુલ કલામ આઝાદની તેમના એક રાજકીય સહયોગીએ હત્યા કરી હતી. મળતી માહિતી મુજબ, આઝાદ એક મિત્રના ઘરે જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપવા ગયો હતો. તે જ સમયે, સ્થાનિક ટીએમસી નેતા મૈનુલ શેખ પર આઝાદને એક રૂમમાં બંધ કરીને, તેને નિર્દયતાથી માર મારવાનો અને તીક્ષ્ણ હથિયારથી કાપીને તેની હત્યા કરવાનો આરોપ છે. એવું કહેવામાં આવ્યું હતું કે હત્યા સમયે આઝાદને ઘરની અંદર લાંબા સમય સુધી ત્રાસ આપવામાં આવ્યો હતો. બાદમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસે મુખ્ય આરોપી મૈનુલ શેખની ધરપકડ કરી છે.

મૈનુલ અગાઉ ઇંગ્લિશ બજાર પંચાયત સમિતિના સભ્ય રહી ચૂક્યા છે અને એક વખત કોંગ્રેસની ટિકિટ પર ગ્રામ પંચાયતની ચૂંટણી જીતી ચૂક્યા છે. બાદમાં તેઓ ફરીથી ટીએમસીમાં જોડાયા. સ્થાનિકોના મતે, મૈનુલનો આ વિસ્તારમાં જમીન માફિયા તરીકે પણ પ્રભાવ હતો. મૃતક નેતા અબુલ કલામ આઝાદ પર જમીન સંપાદનમાં અનિયમિતતા, નકલી પ્રમાણપત્રો બનાવવા અને જીવંત લોકોને મૃત જાહેર કરવા અને જમીન હડપ કરવા જેવા ગંભીર આરોપો પણ હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને નેતાઓ વચ્ચે નવ વિઘા જમીન અને મોટી રકમનો લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો, જેના કારણે આ ભયાનક હત્યા થઈ. ઝખઈના માલદા જિલ્લા પ્રમુખ અબ્દુલ રહીમ બક્ષીએ એક નિવેદન બહાર પાડીને કહ્યું, ''આ ઘટનાનો પાર્ટી સાથે કોઈ સંબંધ નથી. આ હિંસામાં સામેલ લોકો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.બીજી ઘટના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના ભાંગરની છે, જ્યાં ગુરુવારે સાંજે તૃણમૂલ નેતા રઝાક ખાનની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટના ત્યારે બની જ્યારે રઝાક ખાન ભાંગરથી તેમના ઘરે ચાલતબેરિયા પરત ફરી રહ્યા હતા. રસ્તામાં, અજાણ્યા હુમલાખોરોએ તેમને રસ્તાની વચ્ચે ઘેરી લીધા અને ગોળી મારી દીધી, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું. રઝાક ખાન તૃણમૂલ ધારાસભ્ય શૌકત મુલ્લાના નજીકના માનવામાં આવતા હતા. ધારાસભ્ય મુલ્લાએ આરોપ લગાવ્યો છે કે ગોળી મારતા પહેલા રઝાકને પણ નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. તેમણે આ હુમલા પાછળ ઈન્ડિયન સેક્યુલર ફ્રન્ટ (ISF)નો હાથ હોવાની શંકા વ્યક્ત કરી છે. શૌકત મુલ્લાએ કહ્યું કે રઝાક ગુરુવારે ટીએમસીની બે મહત્વપૂર્ણ બેઠકોમાં હાજરી આપી હતી અને ત્યાંથી પરત ફરી રહ્યા હતા ત્યારે હુમલો થયો હતો.

પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહનો કબજો લીધો અને તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો. તેમજ આ મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે. બંને હત્યાઓએ તૃણમૂલ કોંગ્રેસના આંતરિક રાજકારણ અને નેતૃત્વ પર પ્રશ્નો ઉભા કર્યા છે. એક તરફ પાર્ટીના નેતાઓએ આ ઘટનાઓને વ્યક્તિગત દુશ્મનાવટ ગણાવી છે, તો વિપક્ષે તેને તૃણમૂલ કોંગ્રેસનો આંતરિક સંઘર્ષ અને કાયદો અને વ્યવસ્થાની નિષ્ફળતા ગણાવી છે.

# પ.બંગાળમાં બાંગ્લાદેશી તસ્કરોનો ગોળીબાર

## BSF સૈનિક ઘાયલ : બે દાણચોરોની ધરપકડ : ઘટનાસ્થળેથી ૧૦ કિલો ગાંજો, ૧૦૦ બોટલ ફેન્સેડીલ અને એક તીક્ષ્ણ હથિયાર મળી આવ્યું

નવીદિલ્હી, તા. ૧૧

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં ફરી એકવાર, બાંગ્લાદેશી તસ્કરોએ BSF દક્ષિણ બંગાળ ફ્રન્ટિયરના સતર્ક સૈનિકો પર હુમલો કર્યો અને બળજબરીથી માલની તસ્કરી કરવાનો પ્રયાસ કર્યો. BSFની ૧૪૩મી બટાલિયનની બોર્ડર આઉટપોસ્ટ તરલી-૧ પર તૈનાત સતર્ક અને બહાદુર સૈનિકોએ આ હુમલાનો હિંમતપૂર્વક સામનો કર્યો. મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ, સૈનિકોએ અત્યંત સંયમ રાખ્યો અને સ્વબચાવમાં ગોળીબાર કર્યો અને આ દાણચોરીના પ્રયાસને સંપૂર્ણપણે નિષ્ફળ બનાવ્યો. આ કાર્યવાહી દરમિયાન બે દાણચોરોની ધરપકડ કરવામાં આવી છે. ઘટનાસ્થળેથી ૧૦ કિલો ગાંજો, ૧૦૦ બોટલ ફેન્સેડીલ અને એક તીક્ષ્ણ હથિયાર મળી આવ્યું હતું. આ ઓપરેશનમાં એક BSF જવાન ઘાયલ થયો હતો, તેના ડાબા હાથમાં ઈજા થઈ હતી.

આ ઘટના રાત્રે લગભગ ૦૧:૫૦ વાગ્યે બની, જ્યારે બીજી શિફ્ટ ફોરવર્ડ ચેક પોસ્ટ પર ફરજ પરના જવાને ૩ થી ૪ શંકાસ્પદ વ્યક્તિઓને બેકલોડ સાથે આંતરરાષ્ટ્રીય સરહદ તરફ આગળ વધતા જોયા. ફરજ પરના સૈનિકે તરત જ સતર્કતા દાખવી, પોતાના સાથીદારને ચેતવણી આપી અને ઝડપથી તસ્કરો તરફ



આગળ વધ્યો. જવાને તેમને રોકવા માટે પડકાર ફેંક્યો પણ તેઓ અટક્યા નહીં અને પથ્થરમારો કરીને, અપશબ્દો બોલીને અને ટોર્ચ લાઇટનો ઉપયોગ કરીને આક્રમક બન્યા. પરિસ્થિતિની ગંભીરતા સમજીને, જવાને પીએજીમાંથી હવામાં ચેતવણી આપતો ગોળીબાર કર્યો. આમ છતાં, તસ્કરો વધુ આક્રમક બન્યા અને સૈનિકની ખૂબ નજીક આવી ગયા અને તેના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો.

તસ્કરોના હુમલામાં બીએસએફનો એક જવાન ઘાયલ થયો હતો. આ દરમિયાન અન્ય સૈનિકો પણ ઘટનાસ્થળે પહોંચી ગયા. અંધારા અને નજીકના ઘરોનો લાભ લઈને, તસ્કરોએ ભાગી જવાનો પ્રયાસ કર્યો, પરંતુ સતર્ક સૈનિકોએ પીછો કરીને બે શંકાસ્પદ તસ્કરોને પકડી લીધા. તેમની પાસેથી મોટી માત્રામાં માદક દ્રવ્યો અને દાણચોરીની વસ્તુઓ મળી આવી હતી. ત્યારબાદ, આ વિસ્તારની સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી અને ૧૦૦ બોટલ ફેન્સેડિલ અને એક તીક્ષ્ણ હથિયાર મળી આવ્યું હતું. ધરપકડ કરાયેલા દાણચોરોને વધુ પૂછપરછ માટે બોર્ડર આઉટપોસ્ટ તરલી-૧ પર લાવવામાં આવ્યા છે.

બીએસએફ સાઉથ બંગાળ ફ્રન્ટિયરના પ્રવક્તાએ જણાવ્યું હતું કે અમારી ફરજમાં આવી ઘટનાઓ અસામાન્ય નથી. આપણા સૈનિકો અસાધારણ હિંમત, પ્રતિબદ્ધતા અને સતર્કતા સાથે પોતાની ફરજો નિભાવી રહ્યા છે. બાંગ્લાદેશી ગુનેગારો દ્વારા બળજબરીથી થતી ઘૂસણખોરી અને સતત હુમલાઓ અંગે ચેતવણી આપવા માટે BGB સાથે વારંવાર ફ્લેગ મીટિંગો કરવા છતાં, અત્યાર સુધી તેમના દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. બીજીબીની આ નિષ્ક્રિયતાથી દાણચોરો અને ગુનેગારોને વધુ હિંમત મળી છે. આમ છતાં, BSF સૈનિકો દરેક પરિસ્થિતિમાં સરહદોનું રક્ષણ કરવા અને રાષ્ટ્રની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે.

# ભારતની વસ્તીમાં મહત્વપૂર્ણ ફેરફારો થશે

## ૨૦૬૧માં ૧.૭ અબજની ટોચ પર પહોંચશે : સદીના અંત સુધી સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ રહેશે

નવીદિલ્હી, તા. ૧૧

આગામી થોડા વર્ષોમાં ભારતની વસ્તીમાં ખૂબ જ મહત્વપૂર્ણ ફેરફારો જોવા મળશે. મેકકિન્સે અને યુએનના વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૪ ના તાજેતરના ડેમોગ્રાફિક રિપોર્ટ અનુસાર, ભારતની વસ્તી ૨૦૬૧ માં ૧.૭ અબજની ટોચ પર પહોંચશે, ત્યારબાદ તેમાં ઘટાડો થવાનું શરૂ થશે. પરંતુ આ ઘટાડા છતાં, ભારત સદીના અંત સુધી વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ રહેશે. એવો અંદાજ છે કે વર્ષ ૨૧૦૦ સુધીમાં ભારતની વસ્તી ૧.૫ અબજ થઈ જશે, જે ચીનની તત્કાલીન વસ્તી (૬૩૩ મિલિયન) કરતા બમણી હશે.

ભારતનો પ્રજનન દર પ્રતિ મહિલા ૧.૯૮ બાળકો છે, જે ૨.૧ ના રિપ્લેસમેન્ટ રેટ કરતા ઓછો છે. યુએન રિપોર્ટમાં અંદાજ છે કે ભારતની વસ્તી ૨૦૫૪ માં વધીને ૧.૬૯ અબજ થશે અને ૨૦૬૧ માં ૧.૭૦ અબજની ટોચ પર પહોંચશે, જે ૨૧૦૦ માં ધીમે ધીમે ઘટીને ૧.૫ અબજ થશે. બીજી બાજુ, ચીનની વસ્તી ૨૦૨૪ માં ૧.૪૧ અબજ છે, જે ૨૦૫૪ સુધીમાં ઘટીને ૧.૨૧ અબજ અને ૨૧૦૦ સુધીમાં ૬૩૩ મિલિયન થઈ જશે. આ ઘટાડો ચીનના અતિ-નીચા પ્રજનન દર (પ્રતિ મહિલા ૧.૧૪ બાળકો) ને કારણે છે. સંયુક્ત રાષ્ટ્રના અંદાજ મુજબ, ચીનની વસ્તી ૨૦૫૪ સુધીમાં ઘટીને ૨૦૪ મિલિયન



અને સદીના અંત સુધીમાં ૭૮૬ મિલિયન થઈ જશે.

વસ્તીમાં વૃદ્ધોની વધતી સંખ્યા ભારતના અર્થતંત્ર પર દબાણ વધારશે. ૨૦૫૦ સુધીમાં, દરેક વૃદ્ધ વ્યક્તિ માટે ફક્ત ૪.૬ કામ કરતા લોકો હશે, જે હાલમાં ૧૦ છે. ૨૧૦૦ સુધીમાં, આ ગુણોત્તર ૧.૯ સુધી પહોંચી જશે, જે આજના જાપાનની પરિસ્થિતિ જેવો જ છે. આનાથી સરકારી તિજોરી અને પરિવારો પર વૃદ્ધોની સંભાળનો બોજ વધશે. વધુમાં, ભારતની યુવા વસ્તીએ ૧૯૯૭ થી ૨૦૨૩ સુધી દર વર્ષે માથાદીઠ GDP વૃદ્ધિમાં ૦.૭ ટકાનું યોગદાન આપ્યું હતું, પરંતુ ૨૦૫૦ સુધીમાં આ યોગદાન ઘટીને ૦.૨ ટકા થઈ જશે.

ભારત આ વસ્તી વિષયક પડકારનો સામનો મહિલાઓની શ્રમબળ ભાગીદારી વધારીને કરી શકે છે, જે હાલમાં ૨૦-૪૯ વય જૂથમાં માત્ર ૨૯ ટકા છે. અન્ય ઉભરતા અર્થતંત્રોમાં આ આંકડો ૫૦-૭૦% છે. આ સાથે, વૈશ્વિક વપરાશમાં ભારતનો હિસ્સો ૨૦૨૪ માં ૯% થી વધીને ૨૦૫૦ માં ૧૬% થશે, જેનાથી ભારતનું વૈશ્વિક મહત્વ વધુ વધશે. તમને જણાવી દઈએ કે ચીનની તુલનામાં ભારતની વસ્તી રચના હજુ પણ યુવાન છે. ૨૦૨૪માં ભારતની સરેરાશ ઉંમર ૨૮.૪ વર્ષ હશે, જ્યારે ચીનની ૩૯.૬ વર્ષ હશે. ૨૧૦૦ સુધીમાં, ભારતમાં સરેરાશ ઉંમર ૪૭.૮ વર્ષ અને ચીનમાં ૬૦.૭ વર્ષ હશે.

ભારત માટે તેની વસ્તી વિષયક શક્તિને આર્થિક શક્તિમાં રૂપાંતરિત કરવાનો સમય આવી ગયો છે. નિષ્ણાતો માને છે કે શિક્ષણ અને આરોગ્ય સેવાઓમાં સુધારો કરીને, મહિલાઓને વધુ રોજગારની તકો પૂરી પાડીને અને તકનીકી નવીનતાઓ અપનાવીને, ૨૦૬૧ પછી વસ્તીમાં ઘટાડો થયો હોવા છતાં, ભારત વૈશ્વિક સ્તરે પોતાનું સ્થાન જાળવી શકે છે. જો ભારત હમણાં જ યોગ્ય પગલાં લે છે, તો તે ફક્ત તેની અર્થવ્યવસ્થાને ઉચ્ચ ઊંચાઈએ લઈ જઈ શકશે નહીં પરંતુ સદીના અંત સુધીમાં ચીન કરતા બમણી વસ્તી સાથે વૈશ્વિક મંચ પર એક શક્તિશાળી ભૂમિકા પણ ભજવી શકશે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ સેવાયજ્ઞ (ભાગ ૭)

## સેવા રૂપી વિગ્રહનાં પણ બે આંખ, બે હાથ, બે ચરણ, અને પ્રાણ એમ સાત અંગ હોય છે



માનસ સેવા યજ્ઞના સાતમા દિવસની કથામાં પ્રવેશતાં કથાની મુખ્ય ચોપાઈ લીધી

આગમ નિગમ પ્રસિદ્ધ પુરાના,
સેવાધરમુ કઠિન જગુ જાનાં,
અગ્યા સમ ન સુસાહિબ સેવા,
સો પ્રસાદુ જન પાવૈ દેવા.

આજે રામ વિવાહની કથા સુધી પહોંચવાનું છે, એટલે સીધા વિષયમાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ રામ ચાર વિગ્રહ ધરાવે છે, એની વાત કહી. ધર્મવિગ્રહ, સત્ય વિગ્રહ, સાધુ વિગ્રહ, પરાક્રમ વિગ્રહ, આ વાલ્મિકીના શબ્દો છે. પણ મારે વાત કરવી છે કે સેવા પણ એક વિગ્રહ ધરાવે છે, અને જો સેવા વિગ્રહ ધરાવતી હોય, તો મુખ્ય મુખ્ય અંગો, એટલે કે એની બે આંખ, બે હાથ, બે ચરણ, અને સાતમુ આત્મા અથવા પ્રાણ શું છે!; આમ શબ્દ ચિત્રણ કરીને સેવાની મૂર્તિ તૈયાર કરવી હોય તો, આપણે સેવાની પ્રતિમા શેમાંથી બનાવીશું?; શાસ્ત્રમાં બતાવ્યું છે કે મૂર્તિ શેમાં શેનાથી બને છે, મા જાનકી એ રેતીમાંથી મૂર્તિ બનાવી હતી, મા પાર્વતીએ માટીમાંથી મૂર્તિ બનાવી હતી. અંધશ્રદ્ધાળુ ઓ બેન દીકરીઓને શિવની પૂજા કરવાની ના પાડે છે પરંતુ સ્વયં જાનકી અને પાર્વતીએ શિવ પૂજા કરી છે. શાસ્ત્રોને પુરા જોયા જાણ્યા વગર જજ બની આવા ખોટા નિર્ણયો સમાજ પર થોપવાનું હવે બંધ થવું જોઈએ. તો રેતી માટી પંચધાતુ ત્રાંબુ સોનુ ચાંદી અને લાકડાની પણ પ્રતિમા બને ભગવાન જગન્નાથ હજી લાકડામાં જ બેઠા છે. પ્રતિભા વગર પ્રતિમા કેમ બને? સેવામાં તો રુવાડે રૂવાડે સત્ય પ્રગટ થતું હોય છે. તો આવી સેવાની પ્રતિમાની બે આંખો, બે હાથ અને બે ચરણ આ બધું જ રામચરિત માનસમાં બતાવ્યું છે, અને અહીંથી તો એ સંદર્ભે જ જવાબ મળશે.

કુલ કપાટ કર કુસલ કરમ કે,
બિમલ નયન સેવા સુધરમ કે.

સેવાની મૂર્તિનાં નેત્રો ક્યાં? તુલસી કહે છે રામની ચરણ પાદુકા એ બે આંખો છે, પાદુકાને તુલસીએ આંખો કહે છે. સમાજની રૂડી સેવા કરનાર પદ પર પ્રતિષ્ઠિત હોય, પણ એ પદનો એને અહંકાર ન આવે તો એ પદ નથી, પણ એની દ્રષ્ટિ છે, એની આંખ છે. બીજી આંખ રૂપી પાદુકા એટલે કે સેવાનાં ક્ષેત્રમાં કોઈને દલિત ન સમજે, કોઈને નિમ્ન ન સમજે, કોઈ પણ ભેદ નહીં, કોઈ તુચ્છ નહીં, કોઈ ઉચ્ચ નહીં, પક્ષપાત વગરનો દ્રષ્ટિકોણ તે સેવાની મૂર્તિનું બીજું નેત્ર છે.

વ્યાસપીઠની દ્રષ્ટિએ સેવા મૂર્તિનાં બે ચરણ છે અંતરયાત્રા અને બહિરયાત્રા. ચરણનો અર્થ જ છે યાત્રા કરવી, ચાલવું અથવા ગતિશીલતા. બહિર્યાત્રા રુપી ચરણનું નામ છે, પુરુષાર્થ! અને આંતરયાત્રા રૂપી ચરણનું નામ છે પ્રાર્થનાં, જે સેવાયજ્ઞ માંડે એને પુરુષાર્થ અને પ્રાર્થના બંને ચરણ થકી આ સત્કાર્ય પાર પાડવાનું છે. એટલે કે પોતાની રીતે થતા પ્રયત્નો કરવાના અને બાકી ઈશ્વરને આ સેવાયજ્ઞ સંપન્ન થાય એવી પ્રાર્થના કરવાની.

સેવાની મૂર્તિનાં બે હાથ,'' યોગ કર્મે શું કૌશલમ''

કુશળતા પૂર્વકનું કર્મ એ સેવાનો એક હાથ છે, ભવિષ્યનું વિઝન સાથે આયોજન કરવું, એને કુશળતા કહેવાય, તો સેવા કરનાર કુશળ હોવો જોઈએ. બીજો હાથ કુશળતા કૃપણતામાં ફેરવાઈ જાય નહીં એ ધ્યાન રાખવું! અને એ જ છે સેવા કરનારનો બીજો હાથ, એટલે કે સેવા કરનારે ક્યારેય લોભી કે કંજૂસ બનવું નહીં, હૃદયની ઉદારતાથી સેવા કર્મ સંપન્ન થવું જોઈએ.

નિમિત્ત બનીને સેવા કરો નિમિત બનીને નહીં! આટલાં મોટા પાયે જ્યારે સેવાયજ્ઞ મંડાણો હોય, ત્યારે એને પૂરો કરવો એ હરિની જવાબદારી છે. બહુ વિચાર ન કરો, કે આમાં ટ્રસ્ટીઓ કોણ છે? સંસ્થા સુપાત્ર છે કે નહીં? હું છેતરાઈ જઈશ! કલી પ્રભાવ છે એટલે આવા વિચારો પણ આવે! પરંતુ બધું જે થવાનું હશે એ થઈ રહેશે! સેવા કરનારે માત્ર વિચારમાં ન રહેવું!

આપણે જે ચિત્રણ કરી મૂર્તિ બનાવી, એટલે કે બે હાથ બે પગ બે આંખ બધું જ રૂડું હોય પણ આત્મા ન હોય એટલે કે પ્રાણ ન હોય તો એ શિવ નથી સબ છે!: સેવાની પ્રતિમાનો પ્રાણ સંવેદના કે કરુણા છે. કોઈને દુઃખી જોઈને આપણામાં સંવેદના જાગે, કરુણા જાગે તો જ સેવા થાય! કરુણા કરનારાઓની સમાજમાં બહુ જ જરૂર છે, આજકાલ સંવેદના ખત્મ થતી જાય છે. તો રામરૂપી વિગ્રહની ધર્મ મૂર્તિ કે સેવારૂપી ધર્મની આ મૂર્તિનાં સાત અંગો આપણે જોયાં, હવે આજે રામ વિવાહની કથા સુધી પહોંચવાનું છે.

વિશ્વામિત્રના યજ્ઞમાં મારિચ ને સુબાહુ વારંવાર વિઘ્ન કરે છે, અને વિશ્વામિત્રને યજ્ઞ પૂરો નહીં થાય તો! એની ચિંતા થાય છે, એટલે એ દશરથના આંગણે પહોંચે છે. મહારાજ દશરથે વિશ્વામિત્રની પૂજા કરી પ્રણામ કરીને, કહ્યું હું આપની શું સેવા કરી શકું? વિશ્વામિત્રએ પોતાની વ્યથા જણાવી, એટલે કે અસુરો અમને સતાવે છે, અને યજ્ઞ સંપન્ન થવા દેતા નથી, માટે હું રાઘવ સાથે એના નાનાભાઈ લક્ષ્મણને લેવા આવ્યો છું. આ વાત બતાવે છે કે ઋષિઓ રાજા પાસે જાય તો રજવાડું કે સંપત્તિ માગતા નથી, પણ ધર્મ અને સંસ્કૃતિની રક્ષાર્થે સંતતિ માંગે છે. થોડી આનાકાની બાદ દશરથજી વિશ્વામિત્રને પોતાના બે પુત્રો સોંપે છે.

એક જ બાણમાં પ્રભુએ તાડકાના પ્રાણ લીધા, અને નીજ પદ આપ્યું. રામ કોઈને મારવા નથી આવ્યાં, રામ બધાને તારવા આવ્યા છે, એના વારમાં પણ મુક્તિ જ સમાયેલી છે. વિશ્વામિત્રને વિશ્વાસ થઈ ગયો, કે યજ્ઞ દ્વારા જે હું પરમ તત્વને પ્રાપ્ત કરવાની ઈચ્છા ધરાવું છું, એ પરમ તત્વ તો અહીં જ છે!: ઉપરાંત વિશ્વામિત્ર પણ તપના બળથી રાક્ષસોને મારી શકતા હતાં, પણ વિશ્વને જરૂર પડે ત્યારે પ્રહાર નહીં પણ પ્રસાદમાં ફેરવી શકે એવા શ્રેષ્ઠની જરૂર છે, એમ પ્રભુને આગળ કર્યા.

વિશ્વામિત્રજી એ કહ્યું રાઘવ મારી ઈચ્છા છે કે હજી ઘણા યજ્ઞ બાકી છે જે તમારે પૂરા કરવાના છે અને જનકપુરમાં એક આવો જ ધનુષ્ય યજ્ઞ થવા જઈ રહ્યો છે માટે આપણે ત્યાં જઈશું. આ બધી ઐતિહાસિક ઘટનાઓનું ક્યાંક સૂક્ષ્મ અધ્યાત્મ પણ છે, અને એ અધ્યાત્મ વર્તમાન યુગ માટે બહુ આવશ્યક છે, માટે આપણે ત્રેતા યુગની કથા કળિયુગમાં કરી રહ્યાં છીએ.

માર્ગમાં એક આશ્રમ આવ્યો જ્યાં પશુ-પક્ષી કોઈ જ નથી, બિલકુલ સન્નાટો!; વિશ્વામિત્રજી કહે છે કે ગૌતમ ઋષિનો આશ્રમ છે, અને એ પોતાની પત્ની અહલ્યાને શ્રાપ દઈ ચાલ્યા ગયાં છે. આખી લીલાની વાત કરી! ઋષિ પત્નીના સમર્પણમાં, ત્યાગમાં, એની તપસ્યામાં ક્યાંક ચૂક રહી અને એ ઈન્દ્રને ઓળખી ન શકી. ઈન્દ્રએ તો કપટ કર્યું, શાસ્ત્રમાં ઈન્દ્રને કૂતરો કહ્યો છે, એટલે કે કૂતરો, જુવાન, અને ઈન્દ્ર ત્રણેયના સ્વભાવ સરખા ગણાવ્યા છે.

વો રશ્મે તોડકર ઘર મેરે આને વાલે હૈ,
મે ડર રહા હું કી યે જાલીમ જમાને વાલે હૈ.

કોની ભૂલ થઈ એ પોસ્ટમોર્ટમ આપણે નથી કરવું, પરંતુ આપણે જીવ છીએ, અને ભૂલ થઈ જાય તો અહલ્યાની જેમ સ્થિર થઈને બેસી રહીએ તો અયોધ્યા જવું નહીં પડે, અયોધ્યા વાળો ઉઘાડા પગે આવશે, ભારતનો કોઈ સાધુ રામને કહેશે કે આનો ઉદ્ધાર કરો.

જનકપુરમાં અદ્વૈતવાદી રાજા જનક પૂછે છે, આ કોણ છે? કે જેને જોતા જ વૈરાગી એવુ મારું મન ચાંદમાં ચકોરની દ્રષ્ટિ લાગે એમ ચોટી ગયું છે! વિશ્વામિત્ર કહે છે સમસ્ત જડ ચેતન સૃષ્ટિમાં બધાના પ્રેમનું કેન્દ્ર આ તત્વ છે. બાદમાં રામ જાનકીના મિલનનો વાટિકાનો પ્રસંગ, ધનુષ યજ્ઞનો પ્રસંગ અને અંતે ધનુષ ભંગ! રાજા જનકના દૂત અયોધ્યા પહોંચે છે. અયોધ્યાથી જાન આવી, અને માગસર સુદ પંચમીના ગૌધુલી સમયે કામદેવ ઘોડો બન્યા અને રામ સીતાના લગ્ન સંપન્ન થયા. રાજા જનકની આગતાસ્વાગતા માણી, બાકીના ત્રણ પુત્રોના લગ્ન કરાવી બધા અયોધ્યા પાછા ફર્યા, અને વિશ્વામિત્રએ વિદાય લીધી ત્યાં સુધીની કથા કહી બાપુએ સાતમા દિવસની કથાને વિરામ આપ્યો.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

ગરીયા ફેરવીને જેને ગજવા ભરવા છે એને કોઈની શરમ નડતી નથી

# બે સેલ્સમેન શો રૂમમાંથી એક કરોડના દાગીના ઉસેડી ગયા

## માલિક-મેનેજરના ધ્યાન બહાર વેંચવાના બહાને દાગીના લઈ ગયા પછી પાછા જ ન આવ્યા!

રાજકોટ તા. ૧૧

આવ તારુ કરી નાંખુ આ વાતને ધ્યાને રાખીને જ ઘૂમતા હોય એવા લેભાગુઓ રોજેરોજ કોઈને ધૂંબા મારી પોતાના ગજવા ભરી લેતાં હોય છે. અલગ અલગ પ્રકારના ફ્રોડ-ઠગાઈની ઘટનાઓ પણ રોજીંદી થઈ પડી છે. વધુ આવા બે ચોંકાવનાર કિસ્સા સામે આવ્યા છે. જેમાં બે સેલ્સમેન જ્વેલર્સ શોપના સંચાલકને છેતરી એક કરોડ દસ લાખના સોના-ચાંદીના દાગીના લઈ છૂમંતર થઈ ગયા છે. બીજા કિસ્સામાં બિલ્ડીંગ પ્રોજેક્ટના નામે બિલ્ડર સાથે દોઢ કરોડનું ફ્રોડ થયું છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમદાવાદના ચાણક્યપુરી વિસ્તારમાં આવેલી આરવ ઝવેરી નામની દુકાનમાં કામ કરતા બે સેલ્સમેન રૂપિયા એક કરોડ દસ લાખના સોના-ચાંદીના દાગીના લઈ ફરાર થઈ ગયા છે. દુકાનના માલિક અને મેનેજરની જાણ બહારના સમયે દાગીના વેચાણ કરવાના નામે લોકરમાંથી દાગીનાના થેલા લઈને નીકળી ગયા હતા. ત્યાર બાદ મોડી સાંજ સુધી બંને દુકાને પરત આવ્યા નહોતા. સેલ્સમેનના પિતાને કોલ કરીને પૂછતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. જ્વેલર્સના મેનેજર દ્વારા સોલા પોલીસ સ્ટેશનમાં આ મામલે ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ કરી છે.

પોલીસ સુત્રોએ જણાવ્યા અનુસાર શહેરના ચાણક્યપુરી વિસ્તારમાં આવેલી ભવનાથ સોસાયટીમાં રહેતા પવન જૈન ચાણક્યપુરી ડમરૂ સર્કલ પાસે આવેલી આરવ ઝવેરી નામની જ્વેલર્સની દુકાનમાં મેનેજર તરીકે નોકરી કરે છે. નીપુણભાઈ શાહ તેમના દુકાનના માલિક છે. ચાંદલોડિયા ગોકુલધામ આવાસ યોજનામાં રહેતો અજય દેસાઈ અને ચાણક્યપુરી અવધપુરી સોસાયટીમાં રહેતો પિયુષ દેસાઈ બંને સેલ્સમેન તેમજ હેલ્પર તરીકે નોકરી કરતા હતા.

અજય, પિયુષ અને પવન શહેરમાં અલગ અલગ જ્વેલર્સની દુકાનમાં જઈને સોના ચાંદીના દાગીનાના વેચાણનું માર્કેટિંગ કરતા હતા. દાગીના લોકરમાં મૂકવામાં આવતા હતા જેની ચાવી બિલિંગ કાઉન્ટર ઉપર રાખવામાં આવતી હતી. ચાર દિવસ પહેલાં પવન જૈનના ઘરે ધાર્મિક -સંગ હોવાના કારણે તેઓ નોકરી આવ્યા નહોતા. સાંજના સમયે અજયના પિતાનો ફોન આવ્યો હતો કે, ઘરે જમવા આવ્યો નથી અને તેનો મોબાઈલ ફોન બંધ છે જેથી પિયુષને મોબાઈલ પર ફોન કરતા તેનો ફોન પણ બંધ આવતો હતો.

તેઓ દુકાને ગયા હતા અને તપાસ કરી તો અજય અને પિયુષ સવારના સમયે લોકરમાંથી દાગીના ભરેલા બે થેલા લઈને નીકળી ગયા હતા. દુકાનના એક વ્યક્તિ પૂછ્યું તો કહ્યું હતું કે અમે માર્કેટિંગ માટે જઈએ છીએ. લોકરમાં ૧૨૦ કિલોગ્રામ જેટલા સોના અને ચાંદીના દાગીના હતા. સોના અને ચાંદીના દાગીનાની કિંમત ૧.૧૦ કરોડ રૂપિયા જેટલી થાય છે જે લઈને બંને પરત આવ્યા નહોતા મામલે દુકાન માલિકને જાણ કરી હતી. બંને એકબીજાની મદદગારી કરી અને એક કરોડથી વધુના સોના ચાંદીના દાગીના લઈને ફરાર થઈ જતા આ મામલે સોલા પોલીસ સ્ટેશનમાં બંને વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવાઈ હતી.



### બીજી ઠગાઈમાં બિલ્ડીંગ પ્રોજેક્ટના નામે બિલ્ડરને લગાવાયો દોઢ કરોડનો ચૂનો

બીજા કિસ્સામાં નડિયાદ તાલુકાના ઉત્તરસંડાના ઈસમે પોતાના પિતાના મિત્ર વડોદરાના બિલ્ડરને પોતાની જમીન ડેવલપ કરવા વિશ્વાસમાં લીધા હતા. બાદમાં ઉતરસંડાના ઈસમે અન્ય વ્યક્તિ સાથે મળી કન્સ્ટ્રકશનનું કામ શરૂ કરી વડોદરાના બિલ્ડરને પ્રોજેક્ટ માટે કરેલ ખર્ચના રૂપિયા એક કરોડ સુડતાલીસ લાખ ન ચૂકવી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. આ બનાવ મામલે વડતાલ પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. વાસણા રોડ ઉપર રહેતા ગોપાલભાઈ કરસનભાઈ પટેલ બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરે છે. ગોપાલભાઈ પટેલ આણંદ અભ્યાસ કરવા આવતા હતા આ દરમિયાન તેમની સાથે અભ્યાસ કરતા ઉતરસંડાના વિનુભાઈ પટેલ સાથે મિત્રતા હતી. જેથી તેઓ અવારનવાર ઉત્તરસંડા આવતા હોય વિનુભાઈએ તેમના નાના ભાઈ અશોકભાઈ સાથે ઓળખાણ કરાવી હતી.

જેથી અશોકભાઈ પટેલના દીકરા મેહુલ પટેલે આ ગોપાલભાઈ પટેલને ઉતરસંડા સીમમાં આવેલ પોતાની વડીલો પાર્જીત જમીનમાં સ્કીમ પાડી પ્લોટમાં મકાનો બનાવી વેચવાના ધંધામાં સારો નફો થાય તેમ છે તેમ કહી વિશ્વાસમાં લઈ ગોપાલભાઈ પટેલ સાથે જમીન ડેવલપ કરવા વાતચીત કરી હતી. બાદમાં આ જમીનમાં સોસાયટીનું નિર્માણ કરવા વર્ષ ભૂમિ પૂજન કરવામાં આવ્યું હતું. આ -ોજેક્ટનું અશોકવાટિકા નામ રાખી ટુ બીએચકે અને થ્રી બીએચકેના મકાનોના બે બે સેમ્પલ હાઉસ તેમજ એક કલબ હાઉસ બનાવવામાં આવ્યું હતું જેનો તમામ ખર્ચ રૂપિયા ૧,૫૦,૦૪,૦૮૨ ગોપાલભાઈ પટેલે કર્યો હતો. ત્યારબાદ તેઓ વડોદરાથી સમય અંતરે કોઈ કોઈ વખત આવતા હતા.

આ દરમિયાન મેહુલ પટેલ અન્ય વ્યક્તિ સાથે મળી બાંધકામનું કામ કરતા હતા જેથી આ બાબતે વાત કરતા મેહુલભાઈએ આ જમીનમાં તેઓના પિતાનો ઉતરસંડા પીપલ્સ બેંકમાં બોજો બોલતો હોય ઉતરસંડા પીપલ્સ બેંકનો નો ડ્યુ સર્ટિફિકેટ આવ્યા બાદ સ્કીમનું કામ શરૂ કરવાનું જણાવી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ ગોપાલભાઈ પટેલ ઉત્તરસંડા સાઈડ પર જતા મેહુલભાઈ પટેલે રૂપિયા ત્રણ લાખ ગોપાલભાઈને પરત આપ્યા હતા અને બાકીની રકમ થોડા સમયમાં આપવાનો વિશ્વાસ આપ્યો હતો. જેથી ગોપાલભાઈ પટેલ ઉત્તરસંડા સાઈટ પર આવી બાકી પડતા પૈસાની માંગણી કરતા મેહુલભાઈ પટેલે પૈસા આપવાની ના પાડી સાઈટ પર આવશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ.૧,૪૭,૦૦,૦૦૦ ન આપી વિશ્વાસઘાત છેતરપિંડી કરી હતી. પોલીસે ફરિયાદ પરથી તપાસ શરૂ કરી હતી.

# માર્ગ વાહન વ્યવહાર-પાણી પુરવઠામાં ૨૫૦૦ નવું માનવબળ ઉમેરાયું

### એસ.ટી. નિગમમાં ૨૩૨૦ નવનિયુક્ત કંડક્ટર અને પાણી પુરવઠા વિભાગના ૧૪૪ ઇજનેરોને ગાંધીનગરમાં નિમણૂક પત્રો એનાયત



રાજકોટ, તા. ૧૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ એસ.ટી.માં નવી નિમણૂક મેળવેલા ૨૩૨૦ કંડક્ટર કક્ષાના યુવાઓ અને પાણી પુરવઠા બોર્ડમાં નવનિયુક્ત વિવિધ સંવર્ગના ૧૪૪ અધિકારીઓને મહાત્મા મંદિરમાં યોજાયેલા ગૌરવશાળી સમારોહમાં નિમણૂક પત્રો એનાયત કર્યા હતા.

મુખ્યમંત્રીએ આ નવ યુવા માનવબળને ડેમોગ્રાફિક ડિવિડન્ડ ગણાવતા કહ્યું કે, આ યુવાશક્તિની સેવાઓથી વિકસિત ભારત ૨૦૪૭ માટે વિકસિત ગુજરાત ૨૦૪૭ના નિર્માણમાં નવી ગતિ આવશે. તેમણે ઉમેર્યું કે, એસ.ટી. સેવાઓ સામાન્યમાં સામાન્ય માનવીના જીવનને ગતિ આપે છે અને પાણી દરેક માનવીના જીવનનો આધાર છે આ બેય ક્ષેત્રો રાજ્યના વિકાસમાં ખૂબ મહત્વના છે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં ગુજરાત દેશના વિકાસનું રોલ મોડલ બન્યું છે.

એક સમયે પાણીની અછતનો સામનો કરનારું ગુજરાત સુદ્રઢ જળ વ્યવસ્થાપન, વિશાળ વોટર ગ્રીડ અને નર્મદાના જળથી જળક્રાંતિ કરનારું રાજ્ય બન્યું છે તેમ તેમણે ઉમેર્યું હતું.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કે, ગામડાના કે શહેરના સૌના પરિવહન માટેની જીવાદોરી સમાન એસ.ટી.માં સેવારત થઈ રહેલા કંડક્ટર કક્ષાના ઉમેદવારો માટે પણ જન સેવાની મોટી ઈશ્વરીય તક આવી છે. રાજ્ય સરકારના વિભાગોમાં શરૂ કરેલા દસ વર્ષીય ભરતી કેલેન્ડરથી મેન પાવર પ્લાનિંગ દ્વારા યુવા, ટેક્નોસેવી અને રાષ્ટ્રહિત સમર્પિત વિચારો ધરાવતું માનવબળ મળશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો. નવી નિમણૂક મેળવી રહેલા સૌને મુખ્યમંત્રીશ્રીએ ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ આપી હતી. તેમણે અમૃતકાળની યુવા પેઢીને અમૃતપેઢી ગણાવતા આઝાદીની શતાબ્દીએ વિકસિત ભારતની વડાપ્રધાનની નેમ સ્વચ્છતા, પાણી બચાવો જેવા સંકલ્પોથી સાકાર કરવાના સંવાહક બનવા નવ નિયુક્ત યુવાકર્મીઓને આહવાન કર્યું હતું.

સરકારી સેવામાં જોડાનાર તમામ અધિકારીઓ, કર્મચારીઓને અભિનંદન પાઠવતાં પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, આજે આપ સૌ સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારમાંથી સરકારી સેવક બન્યા છો. રાજ્યના છેવાડાના નાગરીકો સુધી પાણી પહોંચાડવાની મહત્વની કામગીરીમાં આપ સૌએ કડીરૂપ ભૂમિકા ભજવવાની છે. જળસંપત્તિ વિભાગ અને પાણી પુરવઠા વિભાગમાં આગામી વર્ષોમાં કુલ ૩૫૪૨ નવી જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.





# ગુજરાતના સહકારિતા મોડેલનો અભ્યાસ કરતું ઉત્તરાખંડ

### ત્રિ-દિવસીય ગુજરાત મુલાકાત દરમિયાન ઉત્તરાખંડનું પ્રતિનિધિ મંડળ અમૂલ ડેરી, ત્રિભોવન સહકારી યુનિવર્સિટી, GSC બેંક જેવી વિવિધ સંસ્થાઓની મુલાકાત લીધી

રાજકોટ, તા. ૧૧

ગુજરાતના સહકારિતા મોડેલના અભ્યાસ માટે ઉત્તરાખંડના સહકારિતા મંત્રી ડો. ધનસિંઘ રાવત સહિત ઉચ્ચ અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ રાજ્યના ત્રણ દિવસના પ્રવાસે આવ્યું હતું. ત્રિ-દિવસીય ગુજરાત મુલાકાતના અંતિમ દિવસે ગાંધીનગરના સર્કિટ હાઉસ ખાતે સહકારિતા મંત્રી જગદીશ વિશ્વકર્માએ ઉત્તરાખંડના સહકારિતા મંત્રી ડો. ધનસિંઘ રાવત અને તેમના પ્રતિનિધિ મંડળને ગુજરાતના સહકારિતા મોડેલ વિશે વિગતવાર માહિતી આપી હતી.

સહકારિતા મંત્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, તાજેતરમાં કેન્દ્રિય સહકારિતા મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં દિલ્હી ખાતે દેશના અલગ અલગ રાજ્યોના સહકારિતા મંત્રીઓ સાથે બેઠક યોજાઈ હતી. જેમાં તેમણે સહકારિતા ક્ષેત્રે અગ્રેસર ગુજરાતની મુલાકાત કરવા સર્વે મંત્રીઓને અનુરોધ કર્યો હતો. વધુમાં મંત્રીએ ઉમેર્યું કે આજે ગુજરાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સહકારિતા ક્ષેત્રે સૌના સાથ અને સહકાર થકી અનેક સિદ્ધિઓ હાંસિલ કરી છે, જેનો મહત્તમ ફાયદો રાજ્યના ખેડૂતો, પશુપાલકો અને સહકાર ક્ષેત્રે સંકળાયેલા નાગરિકોને મળી રહ્યો છે.

ત્રિ-દિવસીય ગુજરાત મુલાકાત દરમિયાન ઉત્તરાખંડના સહકારિતા મંત્રી ડો. ધનસિંઘ રાવત અને પ્રતિનિધિ મંડળ અમૂલ ડેરી, પંચામૃત ડેરી, ત્રિભોવન સહકારી યુનિવર્સિટી, GSC બેંક, પંચમહાલ ડિસ્ટ્રિક્ટ બેંક તેમજ વિવિધ પેક્સ મંડળીઓ અને દૂધ મંડળીઓની મુલાકાત થકી વિસ્તૃત માહિતી મેળવીને પ્રભાવિત થયા હતા. આ બેઠકમાં સહકારી મંડળીઓ વિશે વિગતવાર માહિતી આપતા રજિસ્ટ્રાર મીતેશ પંડયાએ જણાવ્યું હતું કે, રાજ્યના તમામ જિલ્લાઓમાં કુલ ૮૯ હજાર સહકારી મંડળીઓ કાર્યરત છે. જેમાં ૧.૮૮ કરોડ કરતાં વધુ સભાસદો જોડાયેલા છે. આ ઉપરાંત રાજ્યમાં ૧૮ હજાર કરતાં વધુ દૂધ ઉત્પાદન સમિતિઓ, ૨૨૫ જેટલી APMC, ૧૯૨ સબયાર્ડ સહિત સહકાર ક્ષેત્રે અનેક મૂળભૂત સુવિધાઓ રાજ્ય સરકાર દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે.

GSC બેંકના સીઈઓ પ્રદીપ વોરાએ જણાવ્યું હતું કે, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક દ્વારા ગ્રામીણ કક્ષાએ બેંક એકાઉન્ટ ઓપનિંગ, ક્રોપ લોન, માઈક્રો ATM જેવી અનેક બેન્કિંગ સેવાઓ જિલ્લા કે તાલુકા મથકે ગયા વિના ઘરઆંગણે મળી રહી છે. જે અંતર્ગત GSC બેંકના ૯,૬૩૪ જેટલા બેંકમિત્ર, ૯,૭૨૩ માઈક્રો ATM અને ટેબલેટ બેન્કિંગ થકી સેવાઓ આપવામાં આવી રહી છે. અમૂલ ફેડરેશનના એમડી જયેન મેહતાએ માહિતી આપતા કહ્યું હતું કે, આજે અમૂલ દેશની સૌથી મોટી FMCG બ્રાન્ડ છે. અમૂલ સાથે રાજ્યના ૩૬ લાખ કરતાં વધુ પશુપાલકો અને ખેડૂતો જોડાયેલા છે. આ ઉપરાંત વાર્ષિક રૂ. ૯૦ હજાર કરોડનું ટર્નઓવર ધરાવતા અમૂલ ફેડરેશન થકી ૧૮ હજાર કરતાં વધુ દૂધ મંડળીઓ દ્વારા દર રોજ અંદાજે ૩ કરોડ લિટર દૂધ ભરાવવામાં આવે છે.

સોશિયલ મિડીયાનો ખોટો ઉપયોગ કરવાની વધી રહેલી ઘટનાઃ એક ચોંકાવનારો કિસ્સો

# બોગસ ID બનાવી નાની બહેને મોટીને કરી બદનામ

## લવમેરેજ કર્યા હોઈ તે નાની બહેનને ગમતું નહોતુંઃ સાયબર ક્રાઈમ પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ તા. ૧૧

મોબાઈલ ફોન, ઈન્ટરનેટ અને સોશિયલ મિડીયાની સુવિધા લોકોને ખુબ ઉપયોગી નિવડી રહી છે. પરંતુ અનેક એવા પણ છે જે આ સેવાનો ગેરલાભ ઉઠાવી ખોટા કામ કરી રહ્યા છે. આ માધ્યમનો ઉપયોગ કરી ગુનાખોરી આચરવાવાળા ઓછા નથી. કેટલાક સોશિયલ મિડીયાના માધ્યમથી બાળાઓ, યુવતિઓ, મહિલાઓને મિત્રતા અને પ્રેમજાળમાં ફસાવતાં હોય છે તો કેટલાક આ માધ્યમનો અવળો ઉપયોગ કરી બીજા લોકો બદનામ થયા તેવા ધંધા પણ કરતાં હોય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક યુવતિની ફેક આઈડી બનાવી તેના વિશે અપમાનજનક હલકી કોમેન્ટ કરવામાં આવતી હતી. તપાસ થતાં સૌ ચોંકી ગયા હતાં. આ કૃત્ય બીજુ કોઈ નહિ ખુદ આ યુવતિની સગી નાની બહેન કરતી હતી!

વિગતો પર નજર કરીએ તો આ બનાવ વલસાડના વાઘલધરા વિસ્તારનો છે . અહિ રહેતી એક યુવતીએ સોશિયલ મીડિયા પર બદનામી કરવા બદલ પોતાની નાની બહેન સામે સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. યુવતીએ બીજા લગ્ન કર્યા હતા. તેણી હાલમાં પતિ અને આઠ મહિનાના પુત્ર સાથે રહે છે. યુવતીના પતિએ પતિ-પત્નિનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો હતો. આ પોસ્ટ પર એક ફેક આઈડીથી અપમાનજનક કોમેન્ટ કરવામાં આવી હતી. કોમેન્ટમાં યુવતી પર માતા-પિતાને દુઃખી કરી ભાગી જવાનો અને ત્રીજી વાર લગ્ન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો!

આ વાતની જાણ પતિએ પત્નિને કરી હતી અને આવી ખરાબ હલકી કોમેન્ટ કોણ કરે છે તેની તપાસ કરવા માટે સાયબર હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ કરવામાં આવી હતી. સાયબર ક્રાઈમ પોલીસે ઉંડી તપાસ કરતાં જે સત્ય સામે આવ્યુ હતું તે જાણીને પોલીસ પણ ચોંકી ગઈ હતી. આ બોગસ આઈડી પરથી કોમેન્ટ કરનાર બીજુ કોઈ નહિ પણ લવમેરેજ કરનાર આ યુવતિની સગી નાની બહેન હતી. આથી તેણીએ નાની બહેન વિરૂધ્ધ સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ દાખલ કરાવી હતી.

યુવતિએ જણાવ્યું હતું કે તેણે કોર્ટ મેરેજ કર્યા તે પરિવારની વિરૂધ્ધ જઈને કર્યા હતાં. આ કારણે તેની નાની બહેન અને પરિવારજનો નારાજ હોઈ જેથી નાની બહેને બોગસ આઈડી પરથી આવી કોમેન્ટ કરી હતી. પહેલા તો યુવતીએ પહેલા શાંતિપૂર્ણ સમાધાન માટે પરિવારજનો અને સામાજિક આગેવાનોનો સંપર્ક કર્યો હતો. પરંતુ નિષ્ફળતા મળતા તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા આ કેસમાં યુવતિની ધરપકડ કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.



### બીસ સાલ બાદઃ પ્રેમિકાની હત્યા કરી ભાગેલો પ્રેમી બે દસકા બાદ ઝડપાયો

ગુના કરી ભાગતા ફરતાં અમુક શખ્સો વર્ષો સુધી ઝડપાતા હોતા નથી. દરમિયાન હત્યાના ગુનામાં ફરાર શખ્સને બે દાયકા બાદ પોલીસે દબોચી લીધો હતો. સુરત શહેરમાંથી વીસવર્ષ પહેલા પોતાની પ્રેમિકાની હત્યા કરી અગીયારસો કિલોમીટર દૂર તેલંગાણાના એક ગામમાં જઈ છુપાઈ ગયેલા આરોપીને સુરત શહેર પીસીબી દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. ગાંજાના પૈસાના હિસાબ બાબતે પ્રેમિકા સાથે ઝગડો થતાં તેને હત્યા કરી હતી. આ આરોપી હત્યા પહેલા અને હત્યા બાદ પણ ગાંજાના ગેરકાયદેસર ધંધા સાથે સંકળાયેલો હતો અને તેને ૨૦૨૧માં એનડીપીએસ કેસમાં ત્રણ વર્ષ જેલમાં રહી ચુક્યો છે. મહિધરપુરા પોલીસ સ્ટેશનના હદમાં વર્ષ ૨૦૦૫માં થયેલી એક હત્યાના ગુનામાં છેલ્લા વીસ વર્ષથી નાસતો ફરતો આરોપી વેંગલ રાજપ્પા ઉર્ફે વી. રાજન ઉર્ફે વેંગલા રાજન્ના જે હાલ પંચાવન વર્ષનો છે.

જે તેલંગાણા રાજયના વારંગલ જિલ્લાના રેગોન્ડા તાલુકાના નિઝામપલ્લી ગામનો રહેવાસી છે, તેને તેના વતન ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે. તપાસ કરાતા બાતમી સાચી જણાતા, ઉપરી અધિકારીઓની લેખિત મંજૂરી મેળવી તાત્કાલિક એક ટીમ બનાવી તેલંગાણા રવાના કરવામાં આવી. આ ટીમે આરોપીને પકડવા માટે બે દિવસ સુધી તેના ગામમાં અલગ-અલગ વિસ્તારમાં શોધખોળ કરી અને અંતે તેને દબોચી લેવામાં સફળતા મેળવી હતી. પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલ્યું કે, વર્ષ ૨૦૦૪-૦૫માં તે અને તેની પ્રેમિકા પ્રેમીલા ગાંજો લઈને સુરત રેલવે સ્ટેશન આવ્યા હતા અને નીલકંઠ ગેસ્ટ હાઉસ ખાતે રોકાયા હતા. ત્યાં ગાંજાના પૈસાના હિસાબ બાબતે તેમની વચ્ચે ઝઘડો થતા, આવેશમાં આવીને તેણે પ્રેમિકા પ્રેમીલાનું પ્લાસ્ટિકની દોરી વડે ગળું દબાવી હત્યા કરી હતી અને ત્યાંથી ભાગી ગયો હતો. વીસ વર્ષ જૂના હત્યાના ગુનાનો ભેદ ઉકેલાનારી ટીમને અધિકારીઓએ અભિનંદન પાઠવ્યા હતાં.

અણધાર્યા આકસ્મિક મૃત્યુથી ચાર લોકોના મોતઃ પરિવારજનોમાં ગમગીની, કલ્પાંત, શોકની કાલીમા

# ટ્રેનના પાટે બે જિંદગી ખતમ, ટ્રકની ઠોકરે યુવાનનું મોત

## મવડી માટેલ સોસાયટીના યુવાને મહિલા કોલેજ અન્ડરબ્રીજ પર ટ્રેન નીચે કપાઈને જીવ દીધોઃ ઘંટેશ્વર ફાટક પાસે અજાણ્યાનું મોતઃ ટ્રકની ઠોકરે ખોખડદડ પાસે યુવાનનું અને કેશોદ પાસે પ્રૌઢનું થયું મૃત્યુ

રાજકોટ તા. ૧૧

અણધાર્યા, આકસ્મિક મૃત્યુ કે પછી આપઘાતની ઘટનાઓ રોજબરોજ કોઈને કોઇ પરિવારમાં માતમ સર્જી જતી હોય છે. બે ઘટનામાં ટ્રેનના પાટા પર બે યુવાનની જિંદગીનો અંત આવી ગયો હતો. તો અન્ય બે ઘટનામાં ટ્રક બે લોકો માટે કાળ બની ગયો હતો. આ ચારેય મૃતદેહના સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો રાજકોટ શહેરના મહિલા કોલેજ અન્ડર બ્રિજ ઉપર ચબુતરા નજીક રાતે ટ્રેનની ઠોકરે ચડતાં એક યુવાનનું મોત થયું હતું. પોલીસ તપાસમાં આ યુવાન મવડી રોડ માટેલ સોસાયટીમાં રહેતો હોવાનું અને બપોરે ઘરેથી નીકળ્યા બાદ રાતે તેણે ટ્રેન હેઠળ ઝંપલાવી મોત મેળવી લીધુ હતું. રાતે પોણા અગીયારેક વાગ્યે આમ્રપાલી ફાટકથી ભક્તિનગર રેલ્વે સ્ટેશન વચ્ચેના ટ્રેક પર મહિલા કોલેજ અન્ડર બ્રીજથી આગળ ચબુતરા સામે એક યુવાન ટ્રેનની ઠોકરે આવતાં કમકમાટીભર્યુ મોત થયું હતું. બનાવની જાણ રેલ્વે પોલીસ સ્ટેશનના એએસઆઇ કમલશેભાઈએ કરતાં માલવીયા નગર પોલીસ સ્ટેશનના હેડકોન્સ. કે. જી. ઝાલા સહિતે પહોંચી કાર્યવાહી કરી હતી. પોલીસ તપાસમાં મૃતકની ઓળખ થઇ હતી. આ યુવાન મવડી બાપા સિતારામ ચોકમાં આવેલી માટેલ સોસાયટી-૧માં રહેતો નિતીનભાઇ કાંતિભાઇ સુદ્રા હોવાનું ખુલતાં તેના પરિવારજનોને જાણ કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર નિતીનભાઇ સત્યાવીસ વર્ષનો હતો.

વધુ માહિતી અનુસાર તે બે ભાઇ અને એક બહેનમાં નાનો તથા અપરિણીત હતો અને ફર્નિચર કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. પરિવારજનોના કહેવા મુજબ આવુ પગલુ ભરવું પડે તેવુ કોઇ દેખીતું કારણ નહોતું. બનાવને પગલે સુદ્રા પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી.

બીજી આવી ઘટનામાં જામનગર રોડ ઘંટેશ્વર ૨૫ વારીયા નજીક રેલ્વે ફાટક પાસે અજાણ્યો યુવાન ટ્રેનની ઠોકરે આવી જતાં ઘટના સ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયું હતું. રાત્રીના સવા દસેક વાગ્યા આસપાસ ઘંટેશ્વર ૨૫ વારીયા નજીક


દિનેશભાઇ


નીતિન સુદ્રા

અજાણ્યો આશરે પચ્ચીસથી અઠ્ઠાવીસ વર્ષનો યુવાન ટ્રેનની ઠોકરે આવી જતાં મૃત્યુ થયું હતું. બનાવની જાણ ૧૦૮ના ઈએમટી રાહુલભાઇ મારફત થતાં ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના હેડકોન્સ. આર. ટી. વાસદેવાણીએ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મૃતકની ઓળખ થાય તેવી કોઇ ચીજવસ્તુ મળી નથી. તસ્વીરમાં દેખાતા મૃતકના કોઇ વાલીવારસ હોય તો ગાંધીગ્રામ પોલીસનો મો. ૬૩૫૯૬ ૨૭૩૮૧ ઉપર સંપર્ક કરવા જણાવાયું હતું.

જ્યારે એક જીવલેણ અકસ્માતમાં ટ્રક કાળ બની ગયો હતો. ગોંડલ રોડ કોરાટ ચોકથી ખોખડદડના રસ્તા પર સાંજે જીવલેણ અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકની ઠોકરે બાઇક ચડી જતાં બાઇકચાલક રાજસ્થાનના યુવાનનું મોત થયું હતું. હાલ તે કોરાટ ચોકથી આગળ ભુવા ફાટક પાસે કંપનીના યાર્ડમાં રહી રોડ સુપરવાઇઝર તરીકે કામ કરતો હતો. કોરાટ ચોકથી ખોખડદડના રોડ પર ટ્રકની ઠોકર લાગતાં છવ્વીસ વર્ષનો વિનોદ રાધેશ્યામ યોગી નામનો મુળ રાજસ્થાનનો યુવાન બાઇક સહિત ફેંકાઇ જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ તેનું મોત થયું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર વિનોદ દોઢ બે મહિનાથી ભુવા ફાટક પાસે રહી રોડની સાઇટ પર સુપરવાઇઝરનું કામ કરતો હતો. તે બે ભાઇમાં નાનો હતો અને કુંવારો હતો.

આ ઉપરાંત વાહન અકસ્માતની ઘાત એક પ્રૌઢનો જીવ લઇ ગઇ હતી. કેશોદના અજાબ ગામના પ્રૌઢનું ચાંદીગઢ ગામના પાટીયા પાસે મોટરસાઇકલ સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થવાથી મૃત્યુ થયું છે. તેઓ ઘરેથી નજીકના ઘંસારી ગામે આટો મારવા જઇ રહ્યા હતાં ત્યારે બનાવ બન્યો હતો. અજાબ ગામે રહેતાં પચાસ વર્ષના દેવજીભાઇ રામજીભાઇ સાગરકા ઘરેથી મોટરસાઇલક લઇને નજીકના ઘંસારી ગામ તરફ આટો મારવા જવાનું કહીને ઘરેથી નીકળ્યા હતાં. બાદમા ચાંદીગઢના પાટીયા પાસે પહોંચ્યા ત્યારે બાઇક સ્લીપ થઇ જતાં ફંગોળાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી.

તેમને સારવાર માટે કેશોદ અને ત્યાંથી જુનાગઢ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. વધુ સારવાર માટે રાજકોટ દાખલ કરાયા હતા. રજા અપાયા બાદ ગત નવમી તારીખે ફરી તબિયત બગડતાં ફરીથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ગત રાતે તેમનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, પ્રશાંતભાઇ, ધર્મેન્દ્રભાઇ સહિતે કેશોદ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર દેવજીભાઇ બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે ખેત મજૂરી કરતાં હતાં.

શહેર એસઓજીની સાથે સાથે બીજા પોલીસ સ્ટેશનો પણ સક્રિય થયા

# ઘંટેશ્વર ક્વાર્ટરની કિરણ ગાંજા સાથે દબોચાઇ

## ગાંધીગ્રામના ઇન્સ્પેક્ટર મેડમ આર. એસ. મેઘાણી અને ટીમની કાર્યવાહી



રાજકોટ તા. ૧૧

શહેરમાંથી માદક પદાર્થના સેવન, વેંચાણની બદ્દી દૂર કરવા એસઓજીની સાથે સાથે બીજા પોલીસ સ્ટેશનોની ટીમો પણ સક્રિય થઇ છે. દરમિયાન હવે ગાંધીગ્રામ પોલીસે ગાંજાનો કેસ કર્યો છે. જેમાં જામનગર રોડ ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટરમાં રેલ્વે પાટા પાસે જામવાડીની ફોલ્ડીંગ દિવાલ પાસે દરોડો પાડી એક મહિલાને ગાંજા સાથે પકડી લઇ તેની પુછપરછ શરૂ કરવામાં આવી છે. ગાંજો ક્યાંથી લાવી તે અંગે તે ફરતું ફરતું બોલતી હોઇ વિશેષ પુછપરછ શરૂ કરવામાં આવી હતી.

વિગતો પર નજર કરીએ તો ગાંધીગ્રામ પોલીસની ટીમ સે નો ટુ ડ્રગ્સ ઝુંબેશ હેઠળ પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડકોન્સ. રવિભાઇ ગઢવી, રોહિતદાન ગઢવી અને કોન્સ. મુકેશભાઇ સબાડને બાતમી મળતાં દરોડો પાડી પચ્ચીસ વર્ષની મહિલા કિરણબેન રવિ મકવાણાને રૂા. ૯૦૮૦ના ૯૦૮ ગ્રામ ગાંજા સાથે પકડી લીધી હતી. આ મહિલા તેના પતિ, સંતાન અને સાસુ સાથે રહે છે. ગાંજો વેંચવા માટે લાવ્યાની શંકાએ તેની પૃછા કરવામાં આવી હતી. પણ તેણે ગોળગાળો વાતો કરી હોઇ વધુ અને સાચી વિગતો ઓકાવવા રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરીગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર મેડમ આર. એસ. મેઘાણી, પીએસઆઇ વી. ડી. રાવલીયા, હેડકોન્સ. રવિભાઇ ગઢવી, રોહિતદાન ગઢવી, કોન્સ. પ્રદિપભાઇ ડાંગર, મુકેશભાઇ સબાડ, રઘુવીરસિંહ જાડેજા, ભરતભાઇ મકવાણા, કોન્સ. રીનાબેન પરમાર અને એસઓજીના અરૂણભાઇ બાંભણીયાએ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇની સુચના અંતર્ગત કરી હતી.

૭૨ વર્ષના એકલા રહેતાં વૃધ્ધની હત્યા કોણે કરી તેનો ભેદ યુનિવર્સિટી પોલીસ, એલસીબી ઝોન-૨ની ટીમોએ અથાક મહેનત બાદ ઉકેલી નાંખ્યો

# ભેદ ખુલ્યો : રૈયાધારના ૭૩ વર્ષના મનસુખભાઇને દોહિત્રએ ઢાળી દીધા'તા

## ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇના માર્ગદર્શનમાં પોલીસ ઇન્સ. એચ. એન. પટેલ, એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર. એચ. ઝાલા અને ટીમોની મહેનત સફળ થઇ

રાજકોટ તા. ૧૧

રહસ્યના આટાપાટા સર્જનારી રૈયાધારના મનસુખબાપાની ક્રુર હત્યાનો ભેદ અંતે ઉકેલાઇ ગયો છે અને ઘરના જ ઘાતકી જેવો ઘાટ સર્જાયો છે. આ વૃધ્ધને તેની જ દિકરીના દિકરા એટલે કે દોહિત્રએ મોતને ઘાટ ઉતારી દીધા હતાં. અગાઉ બાર લાખની ચોરીમાં સંડોવાયેલો આ દોહિત્ર હવે નાનાજીની હત્યાનો ગુનેગાર બન્યો છે. કોઠારીયા રોડ પર રહેતાં આ દોહિત્રએ નાનાજીના માથામાં સળસીયાના ઘા ફટકારી બાદમાં લાશને પેટ્રોલની સળગાવી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસની ટીમોની અથાક મહેનતને અંતે આ ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. હત્યારાને રાઉન્ડઅપ કરી લેવાયો છે.



વિગતો પર નજર કરીએ તો શહેરના રૈયાધાર શાંતિનગરના ગેઇટ સામે મોમાઇનગર-૩ મફતીયાપરામાં રહેતાં મનસુખભાઇ આણંદજીભાઇ ટાંક નામના ૭૩ વર્ષના કડીયા કુંભાર વૃધ્ધની હત્યાનો ભેદ અંતે ખુલી ગયો છે. આ વૃધ્ધને કોઠારીયા રોડ પર રહેતાં તેની જ દિકરીના દિકરા એટલે કે દોહિત્ર હર્ષ બિપીનભાઇ સોલંકીએ સળીયા કે બોથડ પદાર્થના ઘા ફટકારી પતાવી દીધા બાદ લાશને પેટ્રોલથી સળગાવી દીધાનું ખુલ્યું છે.૨૧ વર્ષની ઉમરના આરોપી હર્ષ સોલંકીને અટકાયતમાં લઇ આગવી ઢબે પુછતાછ થતાં તે પોલીસ સમક્ષ પોપટ બન્યો હતો અને હત્યા કબુલી વિગતો ઓંકી હતી. ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા, એસીપી રાધિકા ભારાઇની સીધી દેખરેખ હેઠળ થયેલી તપાસમાં આ રહસ્ય ઉકેલાયુ છે.

ચકચાર અને ભેદભરમ સર્જતી હત્યાની આ ઘટનામાં ભારે મહેનતને અંતે પોલીસને ભેદ ઉકેલવામાં સફળતા મળી છે. પોલીસે વૃધ્ધ મનસુખભાઇ ટાંકની હત્યામાં તેના જ દોહિત્ર હર્ષ સોલંકીને સકંજામાં લઇ વિસ્તૃત ઢબે પુછતાછ કરતાં તેણે સમગ્ર વિગતો ઓકી હતી અને હત્યા કબુલી હતી. ડીસીપીશ્રી જગદીશ બાંગરવાએ જણાવ્યા મુજબ હત્યાનો ભોગ બનેલા મનસુખભાઇના જમાઇ બિપીનભાઇ સોલંકી કે જે કોઠારીયા રોડ પર રહે છે તેનો દિકરો હર્ષ સોલંકી અમદાવાદ સોલામાં બાર લાખના દાગીનાની ચોરીમાં ઝડપાઇ ગયો હતો. હર્ષે આ દાગીનાની ચોરી કરી ગીરવે મુકી દીધા હતાં. બાદમાં પોલીસે ભેદ ઉકેલી હર્ષને પકડતાં બાર લાખનો મુદ્દામાલ રજૂ કરવાનો થયો હતો. જે તે વખતે હર્ષના પિતાએ આઠેક લાખ પોતાની રીતે એકઠા કર્યા હતાં અને બાકીના ચાર લાખ તેણે સસરા મનસુખભાઇ ટાંક પાસેથી લીધા હતાં.

આ રકમ હજુ સુધી મનસુખભાઇને પાછી આપી ન હોઇ તે ઉઘરાણી માટે મેણા મારતાં હતાં. વળી અમુક રકમનું વ્યાજ પણ લેતાં હતાં. આ કારણે બિપીનભાઇનો પુત્ર હર્ષ રોષે ભરાયો હતો અને પેટ્રોલ લઇને નાનાજીના ઘરે એ રાતે પહોંચી ગયો હતો. જ્યાં તેણે નાનજી મનસુખભાઇ ઉપર સળીયા જેવા બોથડ પદાર્થથી હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દઇ બાદમાં લાશને પેટ્રોલથી સળગાવી દીધી હતી અને ઘરે જતો રહ્યો હતો. હત્યાની આ ઘટનામાં યુનિવર્સિટી પોલીસે હત્યાનો ભોગ બનેલા મનસુખભાઇ ટાંકના જમાઇ કોઠારીયા રોડ રણુજા મંદિર પાછળ કૈલાસ પાર્ક-૩માં રહેતાં અને કડીયા કામ કરી ગુજરાન ચલાવતાં તેમના જમાઇ દયાળજીભાઇ બેચરભાઇ વાઘેલાની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૦૩ (૧), ૩૩૨ (સી), ૨૩૮ (એ) તથા જીપીએક્ટ ૧૩૫ મુજબ મનસુખભાઇના ઘરમાં પ્રવેશી અજાણ્યા શખ્સે તેમને માથામં કોઇ હથીયારથી ઘા ફટકારી ગંભીર ઇજા પહોંચાડી હત્યા કરી બાદમાં લાશને સળગાવી દેવાનો પ્રયાસ કરી પુરાવાનો નાશ કરવા અંગે ગુનો નોંધ્યો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચના અને ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા તથા એસીપી રાધિકા ભારાઇની રાહબરીમાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલ અને ડી. સ્ટાફ ટીમે તપાસ શરૂ કરી હતી. સાથે એલસીબી ઝોન-૨ પીએસઆઇ આર. એચ. ઝાલા અને તેમની ટીમ પણ તપાસમાં જોડાઇ હતી. અંતે ભેદ ઉકેલાઇ જતાં પોલીસે હાશકારો અનુભવ્યો છે. હર્ષ સોલંકીની વિસ્તૃત કાર્યવાહી અને ધરપકડ બાદ અટકાયત કરી પત્રકાર પરીષદ યોજી વિગતો આપવામાં આવશે. ખુદ દોહિત્રએ નાનાની હત્યા કર્યાનો ભેદ ખુલતાં ચકચાર મચી ગઇ છે.

**કોઠારીયા રોડ પર રહેતો ૨૧ વર્ષનો હર્ષ બિપીનભાઇ સોલંકી અમદાવાદમાં ૧૨ લાખની ચોરીમાં પકડાતાં મુદ્દામાલ રજૂ કરવા પિતા બિપીનભાઇએ સસરા મનસુખભાઇ પાસેથી ૪ લાખ લીધા હતાંઃ આ રકમની નાના ઉઘરાણી કરતાં હોઇ તેમને પાછી આપવી ન પડે એ માટે હર્ષએ કાવત્રુ ઘડી અંજામ આપ્યો હતો**

મવડી ચોકડીએ ઓફિસ ધરાવતાં યુવાને પાંચ દિવસ માટે ગાડી ભાડે આપી હતીઃ પણ લઇ જનારો પાછો જ ન આવ્યો

# વિશ્વાસે ચાલતાં ધંધામાં જોખમઃ ભાડાના નામે કાર લઇ છનનન

## ગોંડલના ગઠીયાએ ચાલાકી વાપરી થારમાં ફીટ કરેલી જીપીએસ સિસ્ટમ પણ ઠપ્પ કરી નાંખીઃ તાલુકા પોલીસે એફઆઇઆર દાખલ કરી શરૂ કરી તપાસ

રાજકોટ તા. ૧૧

અલગ અલગ રીતે લોકોને છેતરવાની જાણે હોડ જામી હોય તેમ અનેક લેભાગુઓ જુદી જુદી તરકીબોનો ઉપયોગ કરી છેતરપીંડી કરી રહ્યા છે. તેમાં પણ હાલમાં ભાડેથી કાર કે બીજા વાહનો લઇ જઇ પછી જે તે ભાડાના વાહન સાથે ભાગી જવાની ઘટનાઓ વધી છે. લાખોના વાહનો આ રીતે ભાડે લઇ જઇ અલગ અલગ ટ્રાવેલ્સ સંચાલકો સાથે ઠગાઇ થઇ ચુકી છે. આવી વધુ એક ઘટના સામે આવી છે જેમાં રાજકોટના મવડી ચોકડીના એક ધંધાર્થી પાસેથી સાત લાખની કાર ભાડેથી લઇ ગયા બાદ ગોંડલનો શખ્સ ગૂમ થઇ ગયો છે. પાંચ દિવસ રાજસ્થાન જવાનું કહીને તે થાર ગાડી લઇ ગયો હતો. પરંતુ આજ સુધી તેનો અત્તોપત્તો ન મળતાં અને થારમાં ફીટ કરેલી જીપીએસ સિસ્ટમ પણ તેણે બંધ કરી દીધી હોઇ છેતરાયેલા યુવાને પોલીસની મદદ લીધી છે.

આ ફ્રોડના બનાવની વિગતો પર નજર કરીએ તો રાજકોટમાં અનેક લોકો સેલ્ફ ડ્રાઇવમાં કાર ભાડેથી આપવાનું કામ કરતાં હોય છે. આ ધંધો વિશ્વાસે ચાલતો હોય છે. પરંતુ કેટલાક લેભાગુઓ આ વિશ્વાસનો ગેરલાભ ઉઠાવી ફ્રોડ આચરી લેતાં હોય છે. રાજકોટમાં અગાઉ પણ ભાડેથી કાર આપવાનું કામ કરતાં અનેક ધંધાર્થીઓ છેતરાઇ ગયા છે. તાજેતરમાં એક યુવાનની કાર ભાડેથી લઇ ગયા બાદ છેક હારીજ પાટણમાં ગીરવે મુકી દેવામા આવી હતી. ત્યાં વધુ આવા બનાવમાં મવડી ચોકડીએ કાર રેન્ટની ઓફિસ ધરાવતાં યુવાન પાસેથી ગોંડલ રહેતો તેનો જ પરિચીત યુવાન ભાડેથી પાંચ દિવસ માટે સાત લાખની થાર ગાડી લઇ ગયા બાદ ફોન બંધ કરી ગાડી સાથે ગાયબ થઇ ગયો છે. આ મામલે તાલુકા પોલીસે મવડી ચોકડી પટેલનગર મેઇન રોડ પર વેલદીપ સોસાયટી-૧માં રહેતાં પચ્ચીસ વર્ષના ધવલભાઇ મુકેશભાઇ સરધારાની ફરિયાદ પરથી ગોંડલની હરભોલે સોસાયટી ભગવતીપરામાં રહેતાં વિવેક હસમુખભાઇ ડાભી અને તપાસમાં ખુલે તેની સામે ઠગાઇ કરવા બદલ એફઆઇઆર નોંધી હતી.




છેતરાયેલા ધવલભાઇ સરધારાએ જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું અને મવડી ચોકડીથી બાપા સિતારામ ચોકના રસ્તે ક્રિષ્ના ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ નામે સેલ્ફ ડ્રાઇવ નામથી ઓફિસ ચલાવુ છું. હું અહિથી કાર ભાડે આપવાનું કામ કરુ છું. મારી પાસે થાર ગાડી જીજે૦૩એનએફ-૬૧૭૭ છે. દોઢ વર્ષ પહેલા આ ગાડી મેં લોનથી લીધી છે જેની હાલની કિંમત ૭ લાખ છે. દોઢેક વર્ષ પહેલા હું અને મિત્ર આકાશ પટેલ સાથે કામ કરતાં હતાં. તે મારી સાથે કમિશનથી કામ કરતો હતો. તેની સાથે ગોંડલનો વિવેક ડાભી પણ આવતો હોઇ જેથી હું તેને ઓળખતો હતો.

આ દરમિયાન ગત ચૌદમી જુનના રોજ સાંજે છએક વાગ્યે વિવેક ડાભીનો મને ફોન આવ્યો હતો અને કહેલુ કે મારે મિત્રો સાથે રાજસ્થાન ફરવા જવું છે જેથી થાર ગાડી જોઇએ છે. તેણે કહેલુ તે તારી થાર ગાડી પાંચ દિવસ માટે ફ્રી હોય તો ભાડેથી જોઇએ છે. જેથી મેં હા પાડી હતી અને એક દિવસનું ભાડુ ૪૦૦૦ કહ્યું હતું. આ પછી વિવેકે કહેલું કે હું કાલે સવારે સાત વાગ્યે ગાડી લેવા આવીશ. બાદમાં પંદર જુનના રોજ વિવેક સવારે સાત વાગ્યે મારી મવડી ચોકડીની ઓફિસે આવ્યો હતો અને તેનું આધાર કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સનો ફોટો મોબાઇલમાં પાડી તેને મેં થાર ગાડી જીજે૦૩એનએફ-૬૧૭૭ આપી હતી. જે તે વખતે તેણે પોતે આ ગાડી પાંચ દિવસમાં આપી દેશે તેવી ખાત્રી આપી હતી.

પરંતુ ભાડાના દિવસો એટલે કે નક્કી થયેલા પાંચ દિવસ પુરા થઇ ગયા પછી પણ વિવેક કાર આપવા ન આવતાં ત્યાર પછી મેં વિવેકને ફોન કરતાં તેનો ફોન બંધ આવતો હતો. આથી મેં મારી રીતે તપાસ કરી હતી પરંતુ તેનો કોઇ કોન્ટેક્ટ થતો નહોતો. બાદમાં મેં ડીમાં જીપીએસ લગાડ્યું હોઇ તે ચેક કરતાં જીપીએસ પણ તેણે બંધ કરી દીધાનું જાણવા મળ્યું હતું. વિવેકનો ફોન હજુ પણ બંધ જ આવતો હોઇ તે ઠગાઇ કરી ગયાનું જણાવતાં પોલીસને જાણ કરી હતી. તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર ડી. એમ. હરિપરાના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. કિશનભાઇ અજાગીયાએ ગુનો નોંધતા હેડકોન્સ. ચિરાગભાઇ કલોલાએ વધુ તપાસ હાથ ધરી હતી. ભોગ બનેલા ધવલભાઇ સરધારા ગોંડલ ભગવતી સોસાયટીમાં રહેતાં વિવેકના ઘરે પણ ગયા હતાં. પણ ત્યાં તેના માતા-પિતા મળ્યા હતાં. વિવેક દસ બાર દિવસથી ઘરે જ ન હોવાનું તેઓએ કહ્યું હતું. પોલીસ આ શખ્સને શોધી રહી છે.

ગોંડલ રોડ પર કાકાની દૂકાનમાં પ્રોજેક્ટર-સ્ક્રીન વેંચતા વેપારી યુવાનને છેતરી લેવાતાં માલવીયાનગર પોલીસે શરૂ કરી તપાસ

# ગઠીયાગીરીઃ ૩૦ હજાર ચુકવી વિશ્વાસ કેળવ્યો, પછી ૭.૪૯ લાખનો ચૂનો

## ઓફિસ ખોલી વેપારીને રૂબરૂ બોલાવી એક પછી એક પ્રોજેક્ટર ખરીદ કરી સામે ચેક આપ્યાઃ એક ચેક ક્લીયર થયો, બાકીના થયા રીટર્નઃ વેપારી તપાસ કરવા જતાં ઓફિસે મળ્યા તાળાઃ બંનેએ નામ પણ આપ્યા હતાં ખોટા

રાજકોટ તા. ૧૧

ગઠીયાઓ પણ કેવા કેવા તુક્કા અજમાવીને લોકોને છેતરતા હોય છે તેના એક ઢુંઢો હજાર મીલ જાતે હૈની જેમ અનેક કિસ્સા સામે આવતા રહે છે. દરમિયાન રાજકોટમાં બે ગઠીયાએ ગજબની ગઠીયાગીરી આચરી હતી. પ્રોજેક્ટરની ખરીદી કરી એક ૩૦૩૦૦નો ચેક આપી તે ક્લીયર કરાવી વેપારીનો વિશ્વાસ જીતી લીધો હતો. આ પછી એક પછી એક ત્રેવીસ પ્રોજેક્ટર અને ત્રણ સ્ક્રીન ખરીદી તેની પેટે પણ ચેક આપી દીધા હતાં. સાડા સાત લાખના આવા ચેક બેંકમાંથી રીટર્ન થઇ જતાં વેપારીને છેતરાયાની જાણ થતાં ખરીદી કરનારાની ઓફિસે જતાં ત્યાં તાળા જોવા મળ્યા હતાં. ભાડાની ઓફિસ ખાલી કરીને તે ભાગી ગયા હતાં. માલિક પાસેથી બંનેના આધારકાર્ડ મેળવતાં બંનેએ પોતાના નામ પણ ખોટા આપ્યા હોવાનું ખુલ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો અટીકામાં રહેતાં અને ગોંડલ રોડ પર કાકાની દૂકાનમાં બેસી પ્રોજેક્ટર, સ્ક્રીનનો વેપાર કરતાં મુળ માંગરોળ પંથકના યુવાન સાથે બે ગઠીયાએ પ્રોજેક્ટર અને સ્ક્રીનની ખરીદી કરી બેંકમાં બેલેન્સ ન હોવા છતાં ચેક આપી સાડા સાત લાખની ઠગાઇ કરી લેવામાં આવી છે. માલવીયાનગર પોલીસે આ કિસ્સામાં ઢેબર રોડ અટીકા પાસે ન્યુ લાલબહાદુર સોસાયટી-૬માં રહેતાં પચ્ચીસ વર્ષના ચિરાગભાઇ બીપીનભાઇ ડાકીની ફરિયાદ પરથી કનારામ ઉર્ફ યોગેશ ચૌધરી અને બાલુગીરી ઉર્ફ દિલીપ વિરૂધ્ધ એફઆઇઆર નોંધી બંનેની શોધખોળ શરૂ કરી છે. ચિરાગભાઇ ડાકી હાલ રાજકોટ રહે છે અને મુળ માંગરોળના ચાખવા ગામે રહે છે. તેણે જણાવ્યું છું કે હું મારા કાકા ચંદ્રકાંતભાઇ સાથે રહુ છું. મારા કાકા ચંદ્રકાંતભાઇ ગોંડલ રોડ ડી માર્ટ પાસે ઇલોરો કોમ્પલેક્ષમાં બીજા માળે ઓફિસ નં. ૨૦૧માં સ્ટાર ટેકનોલોજી નામે દૂકાનમાં પ્રોજેક્ટર તેમજ પ્રોજેક્ટરની સ્ક્રીન વેંચવાનો વેપાર કરે છે. હું તેમની દૂકાનમાં ત્રણેક વર્ષથી કામ સંભાળુ છું.

તેણે આગળ જણાવ્યું કે દુકાનમાં હું પ્રોજેક્ટર અને સ્ક્રીન સૌરાષ્ટ્રની બજારમાં સીસીટીવી તથા કોમ્પ્યુટર અને ટેક્નોલોજીની દૂકાનો હોય ત્યાં જઇને વેંચવાનું કામ કરુ છું. મારા સિવાય દુકાનમાં શ્યામ ખુંટ અને ડાયાભાઇ કામરીયા તથા કેતનભાઇ કામ કરે છે. જાન્યુઆરી-૨૦૨૫ની સાલમાં ક્રાઇસ્ટ કોલેજ કે જે મુંજકામાં આવેલી છે ત્યાં એક્ઝીબીશન હોઇ અમે સ્ટોલ બૂક કરાવ્યોહ તો. ત્યાં જે ગ્રાહક અમારા સ્ટોલ પર આવે તેને અમે પ્રોજેક્ટર અને તેની સ્ક્રીન વિશે સમજાવતા હતાં. આ એક્ઝીબીશન બે દિવસ ચાલ્યું હતું.

ત્યારપછી હું ગોંડલ રોડની દૂકાને હતો ત્યારે




એક નંબર પરથી મને ફોન આવ્યો હતો અને વાત કરનારે-હું દિલીપભાઇ બોલુ છું અને હું મહિલા કોલેજ અન્ડર બ્રીજ પાસે કોસ્મો કોમ્પલેક્ષમાં પ્રાઇમ કોમ્પ્યુટર નામે ઓફિસ ધરાવુ છું, મારે પ્રોજેક્ટરની જરૂર છે, તમે મારી ઓફિસે આવી પ્રોજેક્ટર બતાવી જાવ. તેમ કહેતાં મેં હા પાડી હતી. ત્યારબાદ ૨૫મી જાન્યુઆરીના રોજ હું કોસ્મો કોમ્પલેક્ષમાં આવેલી દિલીપભાઇની ઓફિસે પ્રોજેક્ટર લઇને ગયો હતો. તેણે પ્રોજેક્ટર જોઇ પોતે ખરીદવા માંગે છે તેમ કહેતાં મેં તેને ભાવ રૂા. ૩૦૩૦૦ કહ્યા હતાં. બાદમાં તેણે મને તેના જીએસટી નંબર આપી સ્ટાર ટેકનોલોજીનો ચેક આપ્યો હતો. આ ચેક મેં બેંકમાં નાંખતા તે ક્લીયર થઇ ગયો હતો.

આ પછી ફેબ્રુઆરી મહિનામાં ફરી ફોન આવ્યો હતો અને વાત કરનારે પોતે સત્યમ કોમ્પ્યુટરમાંથી બોલે છે, મહિલા કોલેજ અન્ડર બ્રીજ ઉપર ગ્રાઉન્ડ ફલોરમાં જી-૭માં પોતાની ઓફિસ છે અને પોતાનું નામ યોગેશ છે તેમ કહ્યું હતું. તેમજ પ્રોજેક્ટર જોઇએ છે તેમ કહેતાં હું ૮/૧ના રોજ તેની ઓફિસે ગયો હતો. તેણે આપેલા ઓર્ડર મુજબ મેં તેને ૩૦,૦૦૦નું પ્રોજેક્ટર આપ્યું હતું. તેણે મને સ્ટાર ટેકનોલોજી નામે ચેક આપ્યો હતો જે બેંકમાં ક્લીયર થઇ ગયો હતો. ત્યારપછી ૧૨/૨ના રોજ કનારામ ઉર્ફ યોગેશે બીજા પાંચ પ્રોજેક્ટરનો ઓર્ડર આપતાં હું સાંજે તેની સત્યમ નામની દૂકાને ગયો હતો. તેને પ્રોજેક્ટર અને બીલ આપતાં તેણે મને પીપલ્સ બેંકનો સ્ટાર ટેક્નોલોજીનો રૂા. ૧,૫૧,૫૦૦નો ચેક તા.૪/૩/૨૫ની તારીખનો આપ્યો હતો. એ પછી ૧૩/૨ના કનારામ ઉર્ફ યોગેશે ફરી બે પ્રોજેક્ટર માંગતા મેં તેને બીલ સાથે આપ્યા હતાં. તેનો પણ તેણે રૂા. ૬૦૬૦૦નો ૧/૩/૨૫નો ચેક આપ્યો હતો.

ત્યારબાદ ૧૫ ફેબ્રુઆરીએ યોગેશ ઉર્ફ કનારામે વધુ ત્રણ પ્રોજેક્ટર મારી પાસેથી માગતાં મેં તેને આપતાં તેણે યશ બેંકનો ૪૬૨૩૦નો ૨/૩/૨૫નો ચેક અ)પ્યો હતો. એ જ દિવસે ફરીથી દિલીપભાઇએ પણ બે પ્રોજેક્ટરનો ઓર્ડર આપતાં મેં તેને ૯૯૪૦૦નું બીલ આપ્યું હતું. તેનો તેણે પીપલ્સ બેંકનો ચેક ૧૮/૨નો આપયો હતો. એ પછી ફરી દિલીપભાઇએ ચાર પ્રોજેક્ટરનો ઓડર્ર આપી ૧,૧૯,૬૧૭નો પીપલ્સ બેંકનો ચેક આપ્યો હતો. ત્યારબાદ ફરી યોગેશ ઉર્ફ કનારામે વધુ બે પ્રોજેક્ટર અને સ્ક્રીન ખરીદી ૯૨૩૭૨નો ચેક આપ્યો હતો. બાદમાં બે ચેક બેંકમાં નાખતા બાઉન્સ થતાં યોગેશને ફોનક રતાં કહેલુ કે એક પાર્ટી પાસે પેમન્ટ લેવાનું બાકી છે, આવશે એટલે ચેક ક્લીયર થઇ જશે. એ પછી મેં ૬૦૬૦૦નો ચેક તા.૧/૩/૨૫નો આપ્યો હતો. બાદ હું ફરી તેને પ્રોજેક્ટર આપવા જતાં તેણે ૧,૭૯,૫૪૨નો ચેક આપ્યો હત. આમ મેં યોગેશને કુલ ૧૧ પ્રોજેક્ટર અને ૩ સ્ક્રની રૂા. ૩,૫૦,૭૦૨ના અને દિલીપને ૧૩ પ્રોજકટર રૂા.૩,૯૮,૫૫૯ના આપ્યા હતાં. તેની સામે આ બંનેએ મને ચેક આપ્યા હતાં.

પરંતુ તારીખો મુજબ મેં ચેક બેંકમાં જમા કરાવતાં આ બધા ચેક બાઉન્સ થઇ ગયા હતાં. બાદમાં તેની ઓફિસે તપાસ કરવા જતાં તેની ઓફિસે તાળા હતાં. મેં આસપાસમાં તપાસ કરતાં ખબર પડી હતી કે આ લોકો ઓફિસ ખાલી કરી જતાં રહ્યા છે, તેણે ભાડેથી ઓફિસ રાખી હતી. ઓફિસ માલીકને મળતાં તેણે આધારકાર્ડની નકલ આપી હતી. પણ તેમાં તેનું સાચુ નામ બાલુગીરી હતું. બીજાનું આધાર કાર્ડ પણ યોગેશને બદલે કનારામ ચૌધરીના નામે હતું. આ બંને ખોટી ઓળખ આપી મારી પાસેથી રૂા. ૭,૪૯,૨૬૧ના પ્રોજેક્ટર, સ્ક્રીન ખરીદી બેંકમાં બેલેન્સ ન હોવા છતાં ચેક લખીને આપી દીધા બાદ ઓફિસ ખાલી કરી ભાગી ગયા હતાં. તેમ વધુમાં ચીરાગભાઇએ જણાવતાં પોલીસ ઇન્સ્પેક્ટર જે. આર. દેસાઇના માર્ગદર્શનમાં પીએસઆઇ એચ. આર. મોરીએ ગુનો દાખલ કરી બંનેની શોધખોળ શરૂ કરી છે.

# વડોદરા પુલ દુર્ઘટના બાદ સરકાર સફાળે જાગી

## રાજ્યના તાલુકા મામલતદારોને તેમના વિસ્તારના ફૂલોની સંખ્યા અને તેમની સ્થિતિ અંગે રિપોર્ટ કરવા કર્યો આદેશ

રાજકોટ, તા. ૧૧

વડોદરા પુલ દુર્ઘટના બાદ રાજ્ય સરકાર આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લઈ રહી છે એટલું જ નહીં રાજ્યના તમામ જિલ્લા કલેકટરોને પોતાના જિલ્લામાં અને તાલુકા સ્તરે કેટલા બ્રિજ જર્જરિત છે તેનો રિપોર્ટ કરવા આદેશ કરાયો હોવાનું જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે ત્યારે રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકાના મામલતદારોને પણ તાકીદે તેમના તાલુકાના કેટલા બ્રિજ જર્જરીત છે તેનો રિપોર્ટ કરવા આદેશ કરાયો છે હાલ જિલ્લા કલેકટરે પણ એન્જિનિયર સાથે બેઠક યોજાઈ અધિકારીઓને પણ સૂચિત કર્યા છે અને જે પણ બ્રિજનું કામ બાકી હોય અથવા તો જર્જરિત હોય તેને ઝડપભેર પૂર્ણ કરવા જણાવ્યું છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના અધ્યક્ષ સ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઇ હતી, જેના અધ્યક્ષ અને કલેક્ટરએ વરસાદ



બાદ પ્રવર્તમાન સ્થિતિમાં ધોરી માર્ગો અને સર્વિસ રોડ પર પડેલા ખાડાઓની મરામત વહેલી તકે પૂર્ણ કરવા વિવિધ એજન્સીઓને ખાસ તાકીદ કરી હતી. કલેક્ટરે ખાસ કરીને રાજકોટ-જેતપુર, રાજકોટ-ભાવનગર તેમજ રાજકોટ-અમદાવાદ હાઈવે, સર્વિસ રોડ પર પડેલા ખાડાઓને સમથળ બનાવી ચોમાસામાં વાહન ચાલકોને હાલાકી ન ભોગવવી પડે તે પ્રકારે કામગીરી કરવા ખાસ સુચના આપી હતી. સાથો સાથ હાઈવે ઉપર બાકી રહી ગયેલી પ્રિમોન્સુન કામગીરી પણ પૂર્ણ કરવા સંબંધિત વિભાગોને સૂચના આપી હતી. બેઠકમાં નેશનલ હાઇવે, આર.એન્ડ. બી. પંચાયત તેમજ સ્ટેટ, રૂડા સહીત વિવિધ એજન્સી દ્વારા રસ્તા કામગીરીની સમીક્ષામાં હાલમાં સાત હનુમાન પાસે રાજકોટથી અમદાવાદ તરફ જતા રસ્તા પરનો ફલાયઓવર ખુલ્લો મુકવામાં આવ્યો હોવાનું તેમજ રાજકોટ ભાવનગર હાઈવે પર રોડ મરમ્મતની કામગીરી અંગે માહિતી પુરી પાડવામાં આવી હતી.

હાલ ઘણા ખરા પુલનું કામ પણ ચાલી રહ્યું છે તે અંગે પણ ખાંસી મહત્વની માહિતી મેળવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે ત્યારે અગાઉની સ્થિતિએ હાલ જે તે પુલ કઈ પરિસ્થિતિમાં છે તે અંગેનો રિપોર્ટ કરવા માટે પણ કલેક્ટરે આદેશ કર્યો છે હાલ જે કલેક્ટર સમક્ષ પ્રાથમિક રિપોર્ટ રજૂ કરાયો છે જે આગામી દિવસોમાં પૂર્ણ રિપોર્ટ રજૂ કર્યા બાદ નકર પગલા માટે આયોજન હાથ ધરાશે. એટલું જ નહીં સરકારે પણ ખાસ તમામ જિલ્લા કલેકટરો પાસેથી હાલના પુલની સ્થિતિ અંગે પણ રિપોર્ટ માંગ્યો છે.

રાજકોટ સ્ટેટ GSTના ઈન્સ્પેક્ટર બન્યા ફરિયાદી : પેઢીના સંચાલકોને અનેકવાર પાઠવવામાં આવી નોટિસ છતાં ચૂકવણુ ન કરતા FIR

# વેટ-સેન્ટ્રલ સેલ્સ ટેક્સનો ૩૫ કરોડથી વધુનો વેરો ન ભરતા શિવામ્ય-ઈગલ મોર્ટસ પર ફરિયાદ

રાજકોટ, તા. ૧૧

હાલ રાજ્ય કરવેરા દ્વારા ભૂતકાળમાં ચાલતા વેટ તથા સેન્ટ્રલ સેલ્સ ટેક્સ માં જે પણ પેઢી ધારકો દ્વારા છેતરપિંડી કરવામાં આવી હોય અથવા તો સરકારને આર્થિક નુકસાન પહોંચાડ્યુ હોય તે તમામ સામે હાલ આકરા પગલા લેવામાં આવી રહ્યા છે અને ખોદ રાજ્ય કરવેરા વિભાગ ના અધિકારીઓ ફરિયાદી બનીને પેઢી ધારકો પર ગુનો નોંધાવી રહ્યા છે ત્યારે ગઈકાલે આ પ્રકારના બે ગુન્હા નોંધાયા જેમાંનો એક ગુનો ૭ કરોડથી વધુ ન હતો જ્યારે વધુ એક છેતરપિંડી નો ગુનો પણ નોંધાયો હતો જે આંકડો આશરે ૨૮ કરોડથી વધુ નો છે. મળતી માહિતી મુજબ હાલ રાજ્ય વેરા કમિશનર કચેરી ઘટક ૯૩ ના અધિકારી દ્વારા ઈગલ મોટર પ્રાઈવેટ લિમિટેડ ગોંડલ રોડ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી આ પેઢી ફોરવીલર તથા તેના પાર્ટ્સ અને ટાયર ટ્યુબ કાર એસેસરીઝના વ્યવસાય સાથે જોડાય હોવાનું માલુમ પડ્યું હતું આકારણીના આદેશ અન્વયે ઈગલ મોટર્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા ગુજરાત સરકારને ભરવા પેટે થતો વેટ ૨૮ કરોડથી વધુનો સામે કેન્દ્ર સરકારને ભરવાનો થતો સીએસટી ૧૦ કરોડથી વધુનો હોવાનું માલુમ પડ્યું હતું એમ કુલ ચડત વ્યાજ ની રકમ ૨૮ કરોડથી વધુની હોવાનું જાણવા મળ્યું આ અંગે આકારણીનો આદેશ થતા નોટિસની બજવણી પણ કરવામાં આવી હતી પરંતુ આજ દિન સુધી સરકારની બાકી રહેતી રકમની વસુલાત થઈ શકી નથી ત્યારે સરકાર તેની પ્રોપર્ટી હસ્તગત કરીને વસુલાત કરે તે પહેલા જ પેઢીએ અન્યને વેચી દીધી હોવાનું માલુમ પડ્યું છે.

જે સ્પષ્ટ કરે છે કે પેઢીએ વિશ્વાસઘાત અને છેતરપિંડી હાચવી છે જેથી વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો તથા કંપનીના ડિરેક્ટરો પર તપાસ કરવાની માંગણી પણ કરવામાં આવી હતી જે અંગે હાલ રાજ્ય કરવેરા વિભાગના અધિકારી દ્વારા ફરિયાદ




નોંધાવવામાં આવી છે. વેટ દ્વારા ઓડિટ અસસેસમેન્ટ એક એપ્રિલ ૨૦૦૮ થી શરૂ કરી માર્ચ ૨૦૧૨ સુધીનું કરવામાં આવ્યું જેમાં રકમ કરોડમાં પહોંચી હતી છેલ્લે ૨૦૧૪ ના જુલાઈમાં ઓડિટ કરવામાં આવ્યું હતુ અને કુલ આંકડો ૨૮ કરોડને પાર પહોંચ્યો હતો.

જ્યારે વધુ એક બનાવમાં શિવામ્ય એન્ટરપ્રાઇઝ દ્વારા સરકાર સાથે છેતરપિંડી કરી હોવાનું માલુમ પડ્યું છે. ગઈકાલે સ્ટેટ જીએસટીના ટેક્સ ઓફિસર દ્વારા શિવામ્ય એન્ટરપ્રાઇઝ ઇન્ડિયા જેમાં એ વાતની જાણ કરવામાં આવી છે કે શિવામ્ય એન્ટરપ્રાઇઝ ઇન્ડિયાના યોગેશ સુવારીયા દ્વારા જે બાકી રહેતો વેટ અને સેન્ટ્રલ સેલ્સ ટેક્સ નો વેરો છે તે અનેક વખત ધ્યાન દોરતા ભર્યો નથી અને આ વેરો વર્ષ ૨૦૦૭ થી શરૂ કરી વર્ષ ૨૦૧૨ સુધીનો છે અને જે આકારણી વેરો ગુજરાત સરકારને ભરવાનો થતો હોય તે પેઢી દ્વારા ભરવામાં આવ્યો નથી જેની કુલ રકમ ૭.૧૫ કરોડ એ પહોંચી ગઈ છે અને આ વ્યાજ સહિતની રકમ ચડત થઈ ગઈ હોવા છતાં પેઢી ધારક દ્વારા એક પણ રૂપિયો ભરવામાં આવ્યો નથી જેથી સરકાર સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાનું અધિકારીએ ફરિયાદમાં જણાવ્યું હતું.

મળતી માહિતી મુજબ શિવામ્ય એન્ટરપ્રાઇઝ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ કે જે એસ્ટ્રોન ચોકમાં આવેલા કિંગ્સ પ્લાઝા ૭૦૩ માં પેઢી કાર્ય કરે છે અને તેના ડાયરેક્ટર યોગેશ પ્રેમજીભાઈ સુવારીયા કે જેઓ લોખંડ સિમેન્ટ તથા બિલ્ડીંગ મટીરીયલ્સ નું વેચાણ કરે છે તેઓએ સરકાર સાથે છેતરપિંડી કરી ૭.૧૫ કરોડ ચડત વ્યાજની રકમ અનેક વખત જાણ કર્યા છતાં પણ ભરી નથી. ફરિયાદમાં જણાવવામાં આવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૦૭-૮, ૨૦૧૦- ૧૧ અને ૨૦૧૧-૧૨ ના સમયગાળામાં વેટ તથા સેન્ટ્રલ સેલ્સ ટેક્સ કાયદા હેઠળ આકારણી તથા ફેર તપાસના આદેશ પસાર કરવામાં આવ્યા હતા જેમાં ગુજરાત સરકારના ભરવાના થતા વેટની રકમ ૪.૨૩ કરોડથી વધુની હતી જ્યારે કેન્દ્ર સરકારનો ભરવાનો થતો સીએસટીની રકમ ૨.૯૧ કરોડથી વધુની હોવાથી કુલ આંકડો ૭.૧૫ કરોડથી વધુનો થયો હતો જે વ્યાજ જેટલી રકમનું માંગણું ઉભું થયું હતું. આકારણી આદેશ તથા માંગણીની નોટિસ ની નકલ પણ ફરિયાદમાં આપવામાં આવી પરંતુ આજ દિન સુધી પેઢી ધારક દ્વારા કોઈ રકમ ભરવામાં આવી ન હોવાનું જણાવ્યું હતું જે બાદ આઈપીસી કલમ ૩૧૬(૨), ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ હેઠળની વિવિધ કલમો સાથે પોલીસે ગુન્હો નોંધ્યો છે.

રે કૂદરત તારી કસોટીની પ્રજા સારી નથી હોતી, ત્રણ દિવસના અંતરે પતિ-પત્નીના મોત

# પતિને એટેક બાદ ત્રીજા દિવસે પત્નિને પણ હૃદયે દીધો દગો

## નાગરીક બેંકના મેનેજર ધર્મેશભાઇ ટાંકના અકાળે મોત બાદ પતિના વિરહમાં તેજલબેને પણ અનંતની વાટ પકડતા હંસરાજનગરમાં અરેરાટી

રાજકોટ તા. ૧૧

રે કુદરત આ તે તારી કેવી કસોટી?! એક પરિવાર કે જે પોતના મોભીને હજુ એક મહિના પહેલા જ ગુમાવી દીધો છે અને તેના આઘાતમાથી બહાર નથી આવ્યો ત્યાં આ પરિવાર પર બીજો વજ્રઘાત કરી દીધો છે. ઘટના છે પોપટપરાના હંસરાજનગરની. હજુ ગયા મહિનાની આઠમી તારીખે જ નાગરીક બેંકના મેનેજરનું હાર્ટએટેકથી મૃત્યુ થયું હતું. હવે તેમના પત્નિનો પણ દિલની દગાખોરી ભોગ લઇ ગઇ છે. એક જ મહિનામાં ભાઇ-બહેને પિતા પછી માતાને પણ ગુમાવી દેતાં પરિવારમાં શોકની કાલીમા વ્યાપી ગઇ છે.

કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો હૃદય ધબકારા ચુકવી જવાથી મૃત્યુ થવાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. આવા વધુ એક કિસ્સામાં એક મહિના પહેલા જ હાર્ટએટેકમાં પતિને ગુમાવનારા હંસરાજનગરના મહિલાનું પણ હૃદય રોગના હુમલાને કારણે મૃત્યુ થયું છે. નાગરિક બેંકમાં મેનેજર તરીકે ફરજ બજાવતાં ધર્મેશભાઇ ટાંકનું ગત આઠમી જુને અવસાન થયું હતું. આજે તેમના પત્નિ તેજલબેન ટાંકનું હૃદય બંધ પડી જતાં મૃત્યુ થતાં ટાંક પરિવાર પર વજ્રઘાત થયો છે. એક જ મહિનામાં માતા-પિતા બંનેને ગુમાવી દેતાં ભાઇ-બહેન ઉંડા આઘાતમાં ગરક થઇ ગયા છે. પોપટપરા હંસરાજનગર-૩માં રહેતાં તેજલબેન ધર્મેશભાઇ ટાંક નામના છેતાલીસ વર્ષના મહિલા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ હોસ્પિટલના ઇર્મ્જન્સી વોર્ડમાં ડોક્ટરે તેમને નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીશભાઇ વરૂ, મહેશભાઇ જોગડા, ધર્મેન્દ્રભાઇ, પ્રશાંતભાઇ સહિતે જાણ કરતાં પ્રદ્યુમનનગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર તેજલબેનને હાર્ટએટેક આવી ગયાનું સ્વજનોએ કહ્યું હતું. કરૂણતા એ છે કે તેજલબેનના પતિ ધર્મેશભાઇ પ્રાણલાલભાઇ ટાંક કે જે છેતાલીસ વષૃના હતાં તેમનું પણં હૃદય રોગના હુમલાથી મૃત્યુ થયું હતું. તેઓ ગત આઠમી જૂનના રોજ મોટરસાઇકલ હંકારીને જતાં હતાં ત્યારે ઘર નજીક જ ચક્કર આવતાં પડી જતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તેમને તબિબે નિષ્પ્રાણ જાહેર કર્યા હતાં.

ધર્મેશભાઇ નાગરિક બેંકમાં ચીફ મેનેજર તરીકે ફરજ બજાવતાં હતાં. મોભીના મૃત્યુના આઘાતમાંથી હજુ ટાંક પરિવાર બહાર નહોતો આવ્યો ત્યાં આજે તેમના પત્નિ તેજલબેનનું પણ હૃદય ધબકારા ચુકી ગયું હતું. એક જ મહિનામાં ટાંક પરિવારે બબ્બે સ્વજન ગુમાવી દેતાં અને બે સંતાને માતા-પિતા





**મોટરસાઇકલ સ્લીપ થતાં ચાલીસ વર્ષના યુવાનનું મોતઃ પલંગ પરથી પડતાં સાત મહિનાની બાળકીનો જીવ ગયોઃ ઘરેથી નીકળી ગયેલા મહિલાએ ઝેર પી જીવ દીધો**

બંનેની છત્રછાંયા ગુમાવી દેતાં પરિવાર કલ્પાંત સર્જાયો હતો. હંસરાજનગરમાં પણ આ બનાવથી શોક અને ગમગીની વ્યાપી ગયા હતાં.

અપમૃત્યુની અન્ય એક ઘટનામાં એક મહિલાએ ઝેર પી આપઘાત કરી લીધો હતો. એંસી ફુટ રોડ પર ખોડિયારનગર-૧૦માં રહેતાં ભાનુબેન કરણભાઇ લામકા નામના પચાસ વર્ષના મહિલા બે દિવસ પહેલા ઘરેથી નીકળી ગયા બાદ ગત રાતે બારેક વાગ્યે કુવાડવા રોડ પર જુના પોલીસ સ્ટેશન સામે ખોડલ રેસીડેન્સી નજીક ઝેરી દવા પીધેલી હાલતમાં મળતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ સારવાર દરમિયાન દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. પરિવારજનોના કહેવા મુજબ ભાનુબેનને સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પતિ નિવૃત જીવન જીવે છે.

ભાનુબેનને મગજની તકલીફ હોઇ તેની દવા ચાલુ હતી. બે દિવસ પહેલા ઘરેથી નીકળી જતાં બધા શોધખોળ કરી રહ્યા હતાં. એ દરમિયાન ગત રાતે તે કુવાડવા રોડ પરથી મળી આવ્યા હતાં અને તેમણે કોઇ દવા પી લીધી હોવાનું ખુલ્યું હતું. સારવારમાં મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, મહેશભાઇ જોગડા સહિતે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી.

અન્ય બનાવમાં કાલાવડ રોડ સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે શ્રીરામ ટાઉનશીપમાં રહેતાં રીટાબેન દિવ્યેશભાઇ ગઢીયા નામના પિસ્તાલીસ વર્ષના મહિલાને બિમારી હોઇ સવારે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવ અંગે તાલુકા પોલીસને જાણ થતાં જરૂરી કાર્યવાહી કરી હતી.

જયારે ચોટીલાના જીવાપર આણંદપરમાં રહેતાં ચાલીસ વર્ષના યુવાન હમીરભાઇ મધુભાઇ સોરાણીને વાહન અકસ્માતની ઘાત નડી ગઇ હતી. જીવાપર રહેતાં હમીરભાઇ સોરાણી નજીકના ગુંદાળા ગામે આવેલી પોતાની વાડીએ ટુવ્હીલર હંકારીને જઇ રહ્યા હતાં ત્યારે રસ્તામાં વાહન સ્લીપ થઇ જતાં ગંભીર ઇજા થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવારમાંમૃત્યુ થયું હતું. તેઓ પાંચ ભાઇ અને પાંચ બહેનમાં આઠમા હતાં. સંતાનમાં બે પુત્ર છે. પોતે ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. નાની મોલડી પોલીસે કાર્યવાહી કરી હતી.

અપમૃત્યુની વધુ એક ઘટનામાં નવજાત બાળકીનો જીવ ગયો હતો. કચ્છના ભચાઉના ફતેહગઢ ગામે રહેતાં અલ્તાફભાઇ ખલીફાની દિકરી ઇનાયા કે જેની ઉમર સાત મહિના હતી તેનું પલંગ પરથી પડી જતાં ઇજા થવાથી મૃત્યુ થયું છે. ઇનાયાને પલંગ પર સુવડાવી હોઇ ત્યાંથી તે પડી જતાં માથામાં ઇજા થતાં ભુજ સારવાર અપાવી રાજકોટ ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવી હતી. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેના પિતા મજુરી કરી ગુજરાન ચલાવે છે. તે માતા-પિતાનું એક જ સંતાન હતી. એ-ડિવીઝન પોલીસે જરૂરી કાર્યવાહી બાદ ભચાઉ પોલીસને જાણ કરી હતી.

# ત્રણ દિવસ મનપા કરશે ઝોન વાઈઝ બેઠક

## રોડ રસ્તાની બિસ્માર હાલતના પગલે લોકોની નારાજગી : ફરિયાદ પહોંચી ગાંધીનગર : મુખ્યમંત્રી દ્વારા તાકીદે પ્રશ્નનું નિરાકરણ લાવવા કર્યો આદેશ

રાજકોટ, તા. ૧૧

રાજકોટ શહેર અને જિલ્લામાં જ્યારે ચોમાસું બેઠું અને વરસાદની એન્ટ્રી થઈ તે સમયથી રોડ રસ્તાની હાલત અત્યંત દયનીય બની ગઈ હોવાનું માલુમ પડ્યું છે જે અંગેની વ્યાપક ફરિયાદો રાજ્ય સરકાર સુધી પહોંચી છે એટલું જ નહીં સરકાર તરફથી સ્થાનિક તંત્રને આ અંગે ઝડપભેર કામગીરી કરવા માટે પણ જણાવવામાં આવ્યું છે. ત્યારે મહાનગરપાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ મુખ્યમંત્રીના આદેશ અનુસાર યોજના ધોરણે કામગીરી હાથ ધરાય છે ત્યારે હવે વોર્ડ વાઇઝ આ અંગે બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે. હાલના સાંપ્રત સમયમાં કોઈ એક વોર્ડ નહીં પરંતુ ૧૮ વોર્ડમાં રોડ રસ્તાની સ્થિતિ ખૂબ દયનિય થઈ ગઈ છે ત્યારે હાલ પદાધિકારીઓની સાથોસાથ અધિકારીઓ અને નગરસેવકો ને સાથે રાખી મીટીંગ યોજવામાં આવશે અને માત્ર રોડ રસ્તા જ નહીં પરંતુ વોર્ડના અન્ય પ્રશ્નોનો પણ હાલ કરાશે.

આયોજનના ભાગરૂપે આજથી ત્રણ દિવસ ત્રણ ઝોનમાં મીટીંગ યોજી લોકોના રોડ રસ્તા સહિતના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે હાલ



તખતો મહાનગરપાલિકા દ્વારા ગોઠવવામાં આવ્યો છે. શહેરના મુખ્ય માર્ગો ઉપર પણ ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે જેનાથી લોકોમાં ભારે રોષ વ્યાપી ઉઠ્યો છે આ બાબતે સરકારે તાકીદે પગલાં લઈ યુદ્ધના ધોરણે રોડ રસ્તા સહિતની કામગીરી શરૂ કરવા માટે પણ તાકીદ કરી હોવાનું માલુમ પડ્યું છે પરંતુ ઘણા ખરા વોર્ડના નગરસેવકો માં જે ઉત્સાહ જોવા મળવો જોઈએ તે મળતો નથી અને તેની ફરિયાદો પણ સ્થાનિક રહેવાસીઓ કરી રહ્યા છે.

આગામી ચૂંટણીમાં મોટો માર પડી શકે તેવો ભય ભાજપને લાગતા હવે એકઝોનમાં આવતા છ વોર્ડની કામગીરી અંગે ચર્ચા તેમજ હવે પછી કરવામાં આવનાર કાર્યવાહી સહિતની ચર્ચા કરવા માટે આજ સુધી ઝોનવાઈજ બેઠકનો દૌર શરૂ કરવામાં આવ્યો છે. આ બેઠકમાં મહાનગરપાલિકાના તમામ પદાધિકારીઓ તેમજ ભાજપ પ્રમુખ ઉચ્ચ અધિકારીઓ અને છ વોર્ડના કોર્પોરેટરો લોકોના પ્રશ્નો અંગે ચર્ચા કરી તેનો ઝડપી હલ થાય તે અંગે કાર્યવાહી હાથ ધરશે. આજે સેન્ટલઝોન કચેરીખાતે તમામ અધિકારીઓ, પદાધિકારીઓની બેઠક યોજાઈ હતી અને સેન્ટ્રલઝોન હેઠળ આવતા છ વોર્ડના તમામ પશ્નોના નિરાકરણ અંગે ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

મહાનગરપાલિકા દ્વારા તા. ૧૪ના રોજ ઈસ્ટઝોન કચેરી ખાતે મીટીંગ યોજી તમામ કોર્પોરેટરોને મીટીંગમાં હાજર રહેવા સુચના આપી દેવામાં આવી છે. તેવી જ રીતે તા. ૧૫ના રોજ વેસ્ટઝોન કચેરી ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. અને વેસ્ટઝોનના છ વોર્ડના તમામ કોર્પોરેટરોને મીટીંગમાં હાજર રહેવા માટે સુચના આપી દેવામાં આવી છે. ત્રણેય ઝોનમાં યોજાનાર મીટીંગમાં પદાધિકારીઓ તેમજ ભાજપ પમુખ દ્વારા અધિકારીઓ પાસેથી અત્યાર સુધી થયેલ કામગીરીનો રિપોર્ટ લઈ બાકી રહેલ રોડ રસ્તા, ડ્રેનેજ સહિતના કામો કેવી રીતે અને કેટલા સમયમાં પુરા કરવા તે સંબંધીત સુચના આપવામાં આવશે. આજથી શરૂ થયેલ મીટીંગનો દૌર ત્રણ દિવસ ચાલશે જેના લીધે દરેક વોર્ડના કોર્પોરેટરો પર જવાબદારી આવતા લોકોના પશ્નો ઝડપથી હલ થશે તેવુ લાગી રહ્યું છે.

# મોટી રાઈડ્સ વગર થશે લોકમેળો

## નાની યાંત્રિક રાઈડસ સંચાલોકો માટે ૫ દિવસની મુદત લંબાવી : લાંબી માટે કામગીરી શરૂ તુર્તમાં રજૂ થશે ગ્રાઉન્ડ પ્લાન

રાજકોટ, તા. ૧૧

એ વાત તો હવે સ્પષ્ટ થઈ ગઈ છે કે આ વખતના લોકમેળામાં હવે મોટી રાઈડસ જોવા નહીં મળે. કારણ કે સરકાર દ્વારા જે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલી છે તેમાં કલેક્ટર દ્વારા બાંધછોડ કરવામાં નહીં આવે તેવું પણ સ્પષ્ટ થઈ ચૂક્યું છે કારણ કે ગઈકાલે ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હતો છતાં સંચાલકો દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા ન હતા. જે બાદ કલેક્ટરે હવે આ મામલે કોઈ મુદત ન વધારવાનો નિર્ણય લીધો છે એટલું જ નહીં નાના રાઈડ્સ સંચાલકો માટે હજુ પાંચ દિવસનો સમય આપવામાં આવ્યો હોવાનું માલુમ પડ્યું છે. જિલ્લા કલેકટરના જણાવ્યા અનુસાર હવે લોકમેળાના આયોજન માટે ખૂબ ઓછો સમય બાકી રહ્યો છે ત્યારે સરકારની માર્ગદર્શિકામાં કોઈ ફેરફાર કરવો તે હાલના તબક્કે શક્ય નથી ત્યારે મોટી રાઈડ્સ વગર મેળો યોજવાનો નિર્ણય જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે જે ખરા અર્થમાં સંચાલકો માટે માઠા સમાચાર છે. કારણ કે આ એ જ સંચાલકો છે કે જેઓએ ગાંધીનગર સુધી પોતાની રજૂઆતો કરી હતી છતાં જે પરિણામ આવું જોઈએ તે આવી શક્યું ન હતું. કલેકટરના જણાવ્યા અનુસાર હવે નાની રાઈડ્સ અને જે મેળામાં ધંધો કરવા આવતા ધંધાર્થીઓ છે



તેઓને પ્રાથમિકતા આપવામાં આવશે જેથી યાંત્રિક નાની રાઈડ્સ માટે વધુ પાંચ દિવસનો સમય પણ ફાળવવામાં આવ્યો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હવે લોકમેળા માટે પ્લાન બી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે જેમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ અન્ય મનોરંજનના કાર્યક્રમો યોજવામાં આવશે જેથી આગામી ટૂંક સમયમાં જ લોકમેળા નો ગ્રાઉન્ડ પ્લાન પણ તૈયાર કરી દેવાશે.

રાજકોટ કલેકટર ઓમ પ્રકાશે જણાવ્યું હતું કે જો રાઈડસ સંચાલકો તેમના ફોર્મ નિયત સમયમાં નહીં ભરે તો મુદતમાં વધારો કરવામાં નહીં આવે પરંતુ મહત્વની વાત એ છે કે અત્યાર સુધી ત્રણ વખત મુદત વધારવામાં આવી અને સંચાલકોને લાગતું હતું કે મુદતમાં ફરી વખત વધારો થશે કારણ કે તેમના દ્વારા ગાંધીનગર સુધી રજૂઆતો કરવામાં આવી હતી પરંતુ તે રજૂઆત ફરીભૂત ન થતા ઘણા પ્રશ્નો ઊભા થયા છે. તે સમયે કલેક્ટરએ સ્પષ્ટ જણાવ્યુ કે, જો રાઈડ સંચાલકો આવતીકાલ સુધીમાં તેમના ભરાયેલા ફોર્મ સબમિટ નહીં કરાવે, તો તેઓને લોકમેળામાં પ્રવેશ મળશે નહીં. એકવાર રિવાઈઝ્ડ પ્લાન બની ગયા બાદ રાઈડ સંચાલકોને કોઈ પણ તક આપવામાં આવશે નહીં. બીજી તરફ, લોકમેળાનો પ્લાન રિવાઈઝ કરવાની કામગીરી માટે અધિકારીઓને કામે લગાડી દેવામાં આવ્યા છે.

હાલમાં માત્ર ૨૫ જેટલા વેપારીઓએ જ સ્ટોલ માટે ફોર્મ ભરીને સબમિટ કરાવ્યા છે. આ સંજોગોમાં, વહીવટી તંત્ર દ્વારા નાની રાઈડના સંચાલકોને પણ આમંત્રિત કરાશે. જે લોકોએ સ્ટોલ માટે ફોર્મ ભર્યા નથી તેમજ નાની રાઈડના સંચાલકો માટે હજી પાંચ દિવસનો સમય આપવામાં આવશે. જો આ પાંચ દિવસમાં પણ અન્ય સ્ટોલધારકો કે વેપારીઓના ફોર્મ ભરાઈને પરત નહીં આવે, તો ત્યારબાદ શું નિર્ણય કરવો તે નક્કી કરવામાં આવશે તેમ કલેક્ટરે જણાવ્યું હતું. રાજકોટના લોકમેળામાં ગાઈડ લાઈનનો વિવાદ સર્જાતા આજે રાઈડ સંચાલકોને મુખ્યમંત્રી દ્વારા બોલાવવામાં આવ્યા છે અને તેમની સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. અત્યારે આ બેઠકમાં શું નિર્ણય કરવામાં આવે છે તેના પર સૌની નજર છે. બીજી બાજુ, આજે ફોર્મ ઉપાડવાનો છેલ્લો દિવસ છે અને કલેક્ટરે પણ જણાવી દીધું છે કે આજે કોઈ પણ રાઈડ સંચાલકો ફોર્મ નહીં ઉપાડે, તો તેઓને કોઈ પણ સ્થિતિમાં હવે મોકો આપવામાં આવશે નહીં. ત્યારે મુખ્યમંત્રી સાથેની બેઠકમાં રાઈડસ માટેની ગાઈડલાઈનમાં બાંધછોડ કરવામાં આવે છે કે કેમ? તે જોવાનું રહ્યું.





# ત્રણ દસકા જુના કેસરી પૂલની મરામત જરૂરી : કોંગ્રેસ

## વડોદરાની ઘટનાની ગંભીરતા ધ્યાને લઈ કોંગ્રેસે કલેકટરને પાઠવ્યું આવેદન, જર્જરીત પુલનું સમારકામ કરવા કરી માંગણી

રાજકોટ, તા. ૧૧

વડોદરા બ્રિજ દુર્ઘટનામાં ૧૭ લોકોએ જીવ ગુમાવ્યા હોવાનું માલુમ પડતા હાલ સમગ્ર રાજ્યમાં અરેરાટી મચી ગઈ છે. એટલું જ નહીં હવે માત્ર વડોદરા નહીં પરંતુ રાજ્યના તમામ શહેરને જિલ્લામાં જે પણ બ્રીજો આવેલા હોય તેની ચકાસણી પણ કરવામાં આવી રહી છે ત્યારે રાજકોટમાં આ પ્રકારના જોખમી બ્રીજો અંગે તંત્રએ કામગીરી શરૂ કરી છે ને કલેક્ટર દ્વારા જિલ્લામાં ત્રણ બ્રિજ એટલે કે પુલ જર્જરીત હાલતમાં હોવાનું જણાવ્યું હતું ત્યારે ફરી એક વખત આ મુદ્દે કોંગ્રેસ આ મુદે મેદાનમાં આવી છે. રાજકોટના બે કાંઠે જોડતા અને વર્ષો જૂના કેસરી હિન્દ પુલ હાલ જર્જરીત થયો હોવાનો કોંગ્રેસે દાવો પણ કર્યો છે ત્યારે તેમના જણાવ્યા અનુસાર આ ભૂલ ઉપરથી હજારોની સંખ્યામાં લોકો પ્રતિ દિવસ અવરજવર કરતા હોય છે ત્યારે આ પુલ પરથી કોઈ દુર્ઘટના ન ઘટે તેના માટે તંત્રએ ખાસ પગલાં લેવા ખૂબ જરૂરી છે જે અંગે કોંગ્રેસ પાર્ટીના આગેવાનો દ્વારા કલેક્ટરને આવેદન આપવામાં આવ્યું હતું. તથા બ્રિજની મરામત ઝડપવેદ કરવા માટે પણ જણાવવામાં આવ્યું હતું.

કોંગ્રેસે કલેકટરને આપેલા આવેદનમાં જણાવ્યુ કે આઝાદી વખતનો આ કેસરી પૂલ વર્ષો જૂનો છે ત્યારબાદ ૧૯૯૧ માં આ ફૂલને ૧૪ મીટર પહોળો કરવામાં આવ્યો હતો અને તે સમયે એજન્સી દ્વારા ૨૫ વર્ષની ગેરંટી આપવામાં આવી હતી. હાલ અત્યારના સાંપ્રત સમયની વાત કરવામાં આવે તો દસ વર્ષ નહીં તેનાથી પણ વધુ વરસ આ પુલને થઈ ગયા છે છતાં મહાનગરપાલિકા દ્વારા કોઈ કામગીરી આ અંગે કરવામાં આવી નથી ત્યારે લોકો ની સલામતી ખરા અર્થમાં જોખમાય છે જેથી આ અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવે તે ખૂબ જરૂરી છે.

આગામી દિવસોમાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની આગાહી રાજકોટ સહિત રાજયભરમાં આપવામાં આવી છે ત્યારે રાજકોટ શહેર/જિલ્લામાં કોઈ જાનહાની ન બને તે માટે તકેદારીના આગોતરા આયોજનના ભાગરૂપે શહેર જિલ્લાના તમામ બ્રિજ નું ઈન્સ્પેક્શન કરી સ્ટ્રક્ચર રિપોર્ટ તૈયાર કરી યોગ્ય કરવા અમારી અપીલ છે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની કામગીરી માં બેદરકારી અને લાપરવાહી ફલિત થઈ છે ભયજનક પુલો પર ઓવરલોડિંગ વાહનો પર પ્રતિબંધ લાદો અને ભયજનક હોય તે તમામ બ્રિજ પર તાત્કાલિક મરામત કરી વાહનચાલકોને દેખાય તે પ્રકારે સાઈન બોર્ડ મૂકવા અને અંડર બ્રિજમાં પણ ખાડા કે રેલિંગો તૂટેલી હોય તો તે તાત્કાલિક મરામતની કામગીરી હાથ ધરવા માંગ કરી હતી.

આ આવેદનમાં ડો. રાજદીપસિંહજી જાડેજા પ્રમુખ શહેર કોંગ્રેસ સમિતિ, વશરામભાઈ સાગઠિયા, ડો. મહેશભાઈ રાજપૂત, અતુલ રાજાણી, કોમલબેન હરેશભાઈ ભારાઈ, નરેંદ્રભાઈ સોલંકી, જસવંતસિંહ ભટ્ટી, સુરેશભાઈ બથવાર, ડી પી મકવાણા, દિપ્તીબેન સોલંકી, આદિત્યસિંહ ગોહિલ, ડો. નયનાબા જાડેજા, પ્રવીણભાઈ કાકડિયા, સંજય અજુડિયા સહિતના આગેવાનો જોડાયા હતા.

### રોડ રસ્તાની સાથે ખાડા અંગે કોંગ્રેસ સત્તાધિશોને લઈ શકે છે ભીસમાં

# જનરલ બોર્ડમાં કોંગ્રેસ થશે હાવી?

## ૧૯ મી એ બેઠક : ૧૭ નગરસેવકોએ કુલ ૩૨ પ્રશ્નો પૂછયા, કોંગ્રેસના કોર્પોરેટરોના આઠ પ્રશ્નો દર વખતની જેમ આ વખતે પણ પહેલા પ્રશ્નમાં જ બોર્ડ પૂર્ણ કરવામાં આવે તેવી સંભાવના





રાજકોટ, તા. ૧૧

આ વખતનું મહાનગરપાલિકા નું જનરલ બોર્ડ ખરા અર્થમાં અત્યંત મહત્વનું બની રહેશે અને કદાચ આ જનરલ બોર્ડમાં કોંગ્રેસ દ્વારા આક્ષેપો પણ કરવામાં આવે જેનો જવાબ સત્તાધીશો પાસે ન હોય તેવું પણ બની શકે છે કારણકે આ વખતનું જનરલ બોર્ડ ૧૯ જુલાઈ ના રોજ યોજાશે જેમાં કુલ ૧૭ કોર્પોરેટરો દ્વારા ૩૨ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે જેમાં કોંગ્રેસ પક્ષ છે કુલ આઠ પ્રશ્નો પૂછ્યા છે. પરંતુ વાસ્તવિકતા તો એ છે કે મહાનગરપાલિકા જ્યારે પણ જનરલ બોર્ડનું આયોજન કરે ત્યારે પ્રથમ પ્રશ્નમાં જ એક કલાકનો સમય વ્યક્તિત કરી દેતું હોય છે અને પરિણામ સ્વરૂપે અન્ય પ્રશ્નો માટે કોઈ ચર્ચા થતી નથી પરંતુ આ વખતના જનરલ બોર્ડમાં કોંગ્રેસ આકરૂ વલણ દાખવે તેવું જાણવા મળી રહ્યું છે. સાથોસાથ આ જનરલ બોર્ડમાં કુલ નવ દરખાસ્ત પણ એજન્ડાના રૂપમાં રજૂ કરવામાં આવશે.

મહાનગરપાલિકા પાસેથી મળતી માહિતી મુજબ કોંગ્રેસના કોર્પોરેટર કોમલબેન દ્વારા રોડ રસ્તાની સ્થિતિ, ખાડા નો હિસાબ માંગવામાં આવ્યો છે ત્યારે છેલ્લા પાંચ વર્ષમાં તંત્ર દ્વારા રોડ રસ્તા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને ગેરેન્ટી વાળા રોડ કેટલા અને તેની શું સ્થિતિ તે અંગે પણ હાલ વિગતો માંગવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

વિરોધ પક્ષના સભ્ય અને આક્રમક વલણ દાખલનાર વશરામ સાગઠીયા દ્વારા જનરલ બોર્ડમાં મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં રોડ રસ્તા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તેની ઝોન વાઈઝ માહિતી પણ માંગી છે . એટલું જ નહીં જે જગ્યાએ ખાડા પડ્યા તે ખાડા પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો તેની ત્રણ વર્ષની માહિતી માંગવામાં આવી હોવાથી હાલ તંત્ર ઊંધે માથે થયું છે.

બીજી તરફ જનરલ બોર્ડ દ્વારા કરવામાં આવતો ઠરાવ શું ભારતના બંધારણ મુજબ છે કે કેમ તે અંગે પણ પ્રશ્ન પૂછવામાં આવ્યો છે. એટલું જ નહીં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર તરફથી મળતી ગ્રાન્ટનો ઉપયોગ મહાનગરપાલિકા દ્વારા કઈ રીતે કરવામાં આવ્યો છે તે અંગે પણ હાલ વધુ વિગતો માંગવામાં આવી છે ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે વિપક્ષ દ્વારા આ મુદ્દે જે વિગતો માંગવામાં આવી તેની પાછળનો મુખ્ય હેતુ શું છે ? એટલુજ નહીં કોંગ્રેસી સભ્યોએ મનપા હેઠળ કેટલી શાળાઓ આવેલી છે તેમાંથી નોન ટીપી વિસ્તારમાં કેટલી શાળાઓ છે અને તે કઈ સાલમાં બનાવવામાં આવી છે આ અંગે પણ પ્રશ્ન પૂછવામાં આવ્યો હોવાનું માલુમ પડ્યું છે

ત્યારે ૧૯ તારીખે યોજાનારી જનરલ બોર્ડની બેઠકમાં કોંગ્રેસના નગરસેવક દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનો ઉત્તર નહીં મળે તેવી પૂર્ણ શક્યતાઓ જોવા મળી રહી છે પરંતુ સામે વિપક્ષ દ્વારા પણ ઉગ્ર ચર્ચા કરવામાં આવ્યા અને આરોપોની સાથે આશ્ચર્યજનક કાર્યક્રમ કરાય તેવી પણ શક્યતાઓ જોવામાં આવી રહી છે હવે જોવાનું એ રહ્યું કે શું ૧૯મી જુલાઈએ યોજનારી જનરલ બોર્ડની બેઠકમાં વિભાગ કયા પ્રકાર પોતાની વાતની રજૂઆત કરે છે.

રાજકોટની જનતા કરોડો રૂપિયાનો વિવિધ પ્રકારનો વેરો ભરે છે તો પણ મહાનગરપાલિકા ની લાપરવાહી શા માટે કરે છે નકર કામગીરી કેમ થતી નથી કરોડોના ખર્ચ રોડ રસ્તા બને તે તૂટે છે તે ગેરંટી તો ઠીક પણ રીપેરીંગ પણ જલ્દી થતા નથી તેમાં આવતા દરેક વિભાગની જવાબદારી કોની કોની છે એ જણાવો અને તેની સામે કોઈ પણ પગલા ભરશો કે કેમ તે અંગે પ્રશ્ન પુછવામાં આવ્યો છે, મકબુલભાઈ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાની તમામ શાખા વિભાગ વોર્ડ ઓફિસે સીટીઝન ચાર્ટર શા માટે નોટિસ બોર્ડ ઉપર દર્શાવવામાં આવતુંનથી? જે જવાબદારી કોની છે? તેના અમલીકરણ અધિકારી કોણ? અને નોટિસ બોર્ડ ઉપર સીટીઝન ચાર્ટર ના મુકાય તો તે જવાબદાર સામે પગલાં લઈ શકાય છે કે કેમ? આજ સુધી કોઈ સામે પગલાં લીધા છે કે કેમ? તેમ અંગે પ્રશ્ન પુછાયો છે.